Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૧ • તા. ૯ માર્ચ થી ૧૫ માર્ચ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14




## જ્ઞાતિ મુકુટમણિ શેઠશ્રી કેશવજી નાયકે માતબર રકમના અનુદાનથી બંધાવેલ જ્ઞાતિની જાહોજલાલીનું સર્વોત્તમ સ્મૃતિચિહ્ન અને દશાઈ અસ્મિતાનો ઐતિહાસિક અંશ : મુંબઈ-ભાતબજાર ફુવારો ધ્યાન માંગે છે...

(આ વિષેનો લેખ અંદરના પાને...)



ભાતબજાર ફુવારા






તસ્વીર સૌજન્ય ''પગદંડી'' (શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ)

''મધ્યાન્હે સૂર્યાસ્ત''

# ૨૦મી પુણ્યતિથીએ પરિવારજનોની હાર્દિક પુષ્પાંજલી

જન્મ
તા. ૦૭.૦૩.૧૯૫૦



દેહવિલય
તા. ૧૩.૦૩.૧૯૯૩

**સ્વ. શ્રી પ્રતાપભાઈ માણેકજીભાઈ કુંવરજી પાંચારીયા**
**(જખૌ - હુબલી)**

દુર્લભ માનવ જીવનમાં
આપશ્રી દ્વારા પરમ કૃપાળુ પરમાત્મા પ્રતિ આપશ્રીની શ્રદ્ધા
તથા આપની માગણી :

''તારક તારી પૂજા ભક્તિ, સુખ આપે ચિરકાળ
સમકિત દાતા સમકિત દેજો, જીવનમાં જયકાર''

મનુષ્યભવ દરમિયાન આપશ્રીએ, અનુકુળ કે પ્રતિકુળ સમયમાં જે ભાવના ભાવી
તેને અમે હૃદયથી વંદન કરીએ છીએ...

-: પ્રાર્થયિતા :-

| | | |
|---|---|---|
| | | ગં.સ્વ. અરૂણાબેન પ્રતાપ શાહ (નાગડા) |
| પુત્ર અને પુત્રવધુ | : | સૌ. ફાલ્ગુની ખીરેન પ્રતાપ શાહ (નાગડા) |
| -''- | : | સૌ. ખુશી ભાવેશ પ્રતાપ શાહ (નાગડા) |
| પૌત્રી | : | ચિ. નિધિ ખીરેન શાહ |
| પૌત્ર | : | ચિ. વીર ખીરેન શાહ તથા ચિ. તીર્થ ભાવેશ શાહ |
| માતુશ્રી | : | રતનબેન માણેકજી કુંવરજી પાંચારીયા પરિવાર |
| માતુશ્રી | : | માનબાઈ ધનજી ઘેલાભાઈ સોની પરિવાર |
| બહેન | : | અ.સૌ. લલીતાબેન હીરાચંદ ડુંગરશી દંડ પરિવાર |

**Shree Mahavir Roadlines**
**Hubli**
**Mobile : 9448468131**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 11 / 2013**

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

*તંત્રી સમીપે:*

## સાધુતાની પછેડી "ધાર્મિકતા"ના ધજાગરા ઉડાડે છે...

શ્રી ગૌતમ ગુરૂભક્તિ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ-સોનગઢ, જે એક પબ્લિક ટ્રસ્ટ છે તેના ચાર ટ્રસ્ટીઓનાં નામો (જેમાં આપણી જ્ઞાતિના ત્રણ ટ્રસ્ટીઓ છે) ચેરીટી કમીશ્નરના ટ્રસ્ટ રજીસ્ટર પરથી કમી કરવા ચેન્જ રીપોર્ટ ફાઈલ કરાયેલ છે તેના ટેકામાં આપણા અચલગચ્છના બે સાધુ મહારાજોએ (જે બંને પૂર્વાશ્રમમાં આપણી જ્ઞાતિના હતા) ટ્રસ્ટી ડીડની જોગવાઈઓ હેઠળ "કે જેમાં ટ્રસ્ટીઓ પૈકીના ટ્રસ્ટને અનુકૂળ નહીં તેવા ટ્રસ્ટીઓને છુટા કરી શકવાની "સત્તા અને અધિકાર" ની રૂએ "અમે બન્ને મહારાજશ્રીઓ આથી સદરહુ ચાર ટ્રસ્ટીઓને આ ટ્રસ્ટના ટ્રસ્ટીપદેથી મુક્ત કરી છુટા કરવા લેખિતમાં જાણ કરીએ છીએ." તથા "સદરહુ ટ્રસ્ટીઓ ટ્રસ્ટને નુકશાનકારક પ્રવૃત્તિઓ કરતાં અનુકૂળ જણાતા નથી... અને તે અંગેની જરૂરી તે કાનુની કાર્યવાહીના ભાગરૂપે મહેરબાન મદદનીશ ચેરીટી કમીશ્નર સાહેબ ભાવનગરની કચેરીમાં જરૂરી ફેરફાર રીપોર્ટ તાકીદે રજુ કરવા આથી લેખિતમાં જાણ કરીએ છીએ અને સૂચના આપીએ છીએ" તેવું લખાણ સ્ટેમ્પ પેપર પર સહીઓ કરીને "જાહેર" કરેલ છે. તે ચેન્જ રીપોર્ટની સુનાવણી ભાવનગરના ચેરીટી કમીશ્નર સમક્ષ હવે આગળ વધી રહી છે તે હકીકત આપણા શ્રમણવર્ગ માટે પ્રચલિત "સાધુમહારાજ" શબ્દને, આપણા શ્રાવકવર્ગ પર સત્તા ભોગવતા રાજવી જેવા 'મહારાજા' મતલબના થતા શાબ્દિક અર્થને યથાર્થ ઠેરવે છે તેમ કહીએ તો કોઈ અતિશયોક્તિ થતી નથી.

જાન્યુઆરી ૨૦૦૫માં ઉક્ત ટ્રસ્ટ માટે જે ટ્રસ્ટડીડ ઘડાયું તેમાં "જૈન ધર્મની સેવા અર્થે તેમજ જિનશાસનનો પ્રભાવ ફેલાવવાના આશયથી અને જૈન ધર્મની સર્વજીવ કલ્યાણની શુભભાવના માટેના પ્રેરક અને આ ટ્રસ્ટની સ્થાપના તેમજ ઉદ્દેશોના મૂળ માર્ગદર્શક તરીકે" ઉક્ત બંને શ્રવણોનાં નામોલ્લેખ કરાયા બાદ "આ સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા કરવાના થતા સર્વ કામોમાં તેઓશ્રીની (એટલે કે ઉક્ત બંને શ્રમણોની) "હયાતી સુધી તેઓશ્રીની અને તેઓશ્રીની ગેરહયાતી બાદ તેઓશ્રીના ઉત્તરોત્તરના શિષ્ય પરિવારની સંમંતિ તથા માર્ગદર્શક સૂચનાઓ આવશ્યક ગણાશે", તેમજ તેઓશ્રીની "પૂર્વ સંમતિ મેળવી ટ્રસ્ટીમંડળની બહુમતીના ઠરાવ દ્વારા ટ્રસ્ટની મુખ્ય ઓફિસ કાર્યક્ષેત્રના વિસ્તારમાં ગમે તે સ્થળે ફેરવી શકાશે" તેમજ દર ત્રણ વર્ષ બાદ "તેઓશ્રીએ જણાવેલ તેવા કુલ સંખ્યાના પચાસ ટકાની મર્યાદા સુધીના ટ્રસ્ટીઓ મુક્ત થશે અથવા તો તેઓશ્રીના "મત અનુસાર કોઈ ટ્રસ્ટી ટ્રસ્ટને અનુકૂળ નથી તેમ જણાતાં તેમને છુટા કરવામાં આવશે", તેમજ ટ્રસ્ટીઓને પોતાનામાંથી 'પ્રમુખ' અને 'ઉપપ્રમુખ' ની નિમણુંક કરવાં પહેલાં તેઓશ્રીની આજ્ઞા સંમંતિ સલાહ વિગરે મેળવી લેવાની આવશ્યક ગણાશે, તેમજ તેઓશ્રી "સાથે ચર્ચા વિચારણા કરી તેમની સંમંતિ મેળવ્યા બાદ જ ટ્રસ્ટના હેતુઓ અને ઉદ્દેશો મુજબના વિવિધ બાંધકામો કરી કરાવી શકાશે. આ ઉપરાંત આવા બાંધકામના સમારકામ મરામત અથવા તો તેમાં મહત્ત્વના

કે મોટા ફેરફાર કરવા માટે કે તેનો વિસ્તાર કરવા માટે કે તેનો નવેસરથી નિર્માણ અથવા તેનો જિર્ણોધ્ધાર કરવા માટે પણ આ પ્રકારે ચર્ચા વિચારણા કરી સંમંતિ મેળવ્યા બાદ જ કાર્યવાહી કરી શકાશે" તેમજ "ટ્રસ્ટના હેતુઓ પાર પાડવા માટે કાયમ માટે જુદી જુદી ઉપયોગી ન જણાય તેવી જમીન કે જમીનો કે તેનો ટૂકડો કે તેના ટૂકડાઓ કે કોઈપણ સ્થાવર મિલકતનો નિકાલ પ્રથમ તેઓશ્રીઓ "સાથે ચર્ચા વિચારણા કર્યા પછી અને તેમની સંમંતિ મેળવ્યા બાદ કરી શકાશે" તેવી વિવિધ જોગવાઈઓ આ ટ્રસ્ટડીડમાં કરવામાં આવી છે.

આમ આ ટ્રસ્ટનો ખરો વહીવટ આ મહારાજશ્રીઓ જ કરી શકે છે અને તેના ટ્રસ્ટીઓ અન્ય ટ્રસ્ટના ટ્રસ્ટીઓની જેમ પોતાની વિવેકબુદ્ધિથી કે મનસુફીથી કોઈ સ્વતંત્ર નિર્ણય ન લઈ શકે તેવી જોગવાઈઓને, વકીલો દસ્તાવેજો બનાવતી વખતે ઉપયોગ કરે તેવી જડબેસલાક ભાષામાં આ ટ્રસ્ટડીડમાં આમેજ કરવામાં આવી છે. એટલે જ આ ટ્રસ્ટ અને તેની મિલકતો પર પોતાની પકડ મજબુત રહે તે માટેના જરૂરી સાંસારિક વ્યવહાર ખટપટમાં સતત પ્રવૃત્ત રહેવું પડે તેવી ઈચ્છા-લાલસા આ સાધુબેલડીએ રાખી છે અને ટ્રસ્ટ માટે એ અંગેની જરૂરી ફરજો બજાવવા તેમણે સ્વૈચ્છિક સંમંતિ આપી છે તેવું ફક્ત અનુમાન કરવાની જરૂર નથી, તેમણે આ ચાર ટ્રસ્ટીઓને ટ્રસ્ટપદેથી કમી કરવા રૂા.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર સહીઓ કરીને તેની 'જાહેરાત' કરી છે તે હકીકત જ આ સંદર્ભે પૂરતી સાબિતી આપે છે તેવો નિષ્કર્ષ ચોક્કસપણે કરી શકાય તેમ છે.

બે-ત્રણ વર્ષ પહેલાં, આ બે શ્રમણોમાંથી એક શ્રમણ દ્વારા થયેલ કથિત વ્યભિચારના આક્ષેપોને પગલે અને તેમણે ટ્રસ્ટ દ્વારા સોનગઢમાં નિર્મિત સંકુલમાં રાખેલા એક સ્વતંત્ર રૂમમાંથી ટ્રસ્ટીઓને મળી આવેલ બિભત્સ સાહિત્ય ઈત્યાદિ સામગ્રી જપ્ત કરવા અને તે રૂમને સીલ કરવા અમુક ટ્રસ્ટીઓ દ્વારા થયેલ કાર્યવાહી પછી, સાંસારિક શ્રાવકોમાં સામાન્યપણે આચરાતી બદલો લેવાની વૃતિ જાણે આ સાધુમહારાજો પર પણ સવાર થઈ ગઈ હોય તેમ તેમણે આ ચાર ટ્રસ્ટીઓને કમી કરવાનું પગલું લીધું છે. તેમજ, અન્ય એક સ્થાપક ટ્રસ્ટીનું નિધન થતાં તેમની જગ્યાએ તેમના પુત્રને ટ્રસ્ટી તરીકે નીમવા ટ્રસ્ટબોર્ડે આ સાધુ બેલડીને પૂછ્યા વિના કરેલ ઠરાવને આ સાધુ મહારાજોએ સ્વીકૃત ન ગણ્યો ને તેની નિમણુક રદ કરવાના પગલાં આડકતરી રીતે લીધાં જે બાબત પણ ચેરીટી કમીશ્નરની એક જુદી કાર્યવાહી બની છે. આમ આ બધી ઘટનાઓ અને તે પછી પણ બની રહેલા ઘટનાક્રમો આ બંને સાધુ મહારાજોની ચિત્તવૃત્તિઓને ઘોર રાગ-દ્વેષ-પ્રપંચમાં હજી પણ ઘરઢોળી રાખશે જ એવી પરિસ્થિતિ આવી ઊભી છે.

તેવી જ રીતે ચેરીટી કમીશ્નર સમક્ષની ઉક્ત સુનાવણી દરમ્યાન સામસામી આપેક્ષબાજીઓ થશે તેની ઉગ્રતા કરતાં પણ જો આ સાધુમહારાજોને ટ્રસ્ટીઓની કથિત "નુકસાનકારક પ્રવૃત્તિઓ" ની વિગતો આપવાની ફરજ પડાશે તો તેને પૂરવાર કરવાનું દેખીતી રીતે મુશ્કેલ જ બનશે કારણ કે ઉક્ત ચાર ટ્રસ્ટીઓમાં કોઈએ પણ પૈસા કે ફંડનો ગેરવહીવટ કે મિલકત પ્રત્યે દુર્લક્ષતા જેવી કોઈ પ્રવૃત્તિ કરી જ નથી તે તો આખો સમાજ જાણે છે. એટલે ટ્રસ્ટીપદ કમી કરવાની કાર્યવાહીનો સામનો કરતા આ ટ્રસ્ટીઓ દ્વારા જે સાધુમહારાજ દ્વારા કથિત વ્યભિચાર ઈત્યાદિ વર્તન આચરાયું છે તેની વિગતો પણ આ સુનાવણીનો એક ભાગ બનશે તો તેની ઉગ્રતા આખા સમાજમાં ઊભી તિરાડ પાડશે અને વાતાવરણ ઓર કલુષિત બનાવશે. આની સાથે જ ટ્રસ્ટડીડની ઉપરોક્ત જોગવાઈઓ સાધુ મહારાજોને સાંસારિક પ્રવૃત્તિઓથી દૂર રહેવા શાસ્ત્રોએ ફરમાવેલ પ્રતિબંધના ભંગ રૂપ છે તેથી તે રદ થવાને પાત્ર છે ને તે રીતે ટ્રસ્ટડીડમાંથી તેને કમી કરવીજોઈએ અને તે કારણે સાધુમહારાજોએ લીધેલ ઉક્ત પગલાની કોઈ અમલ બજાવણી ન થઈ શકે તેવી દલીલો અને

તેના સમર્થનમાં દશવૈકાલિક સુત્ર જેવા આગમશાસ્ત્રોની રજુઆત કરાશે તો તે સઘળી કાર્યવાહી હાઈકોર્ટ કે તેથી ય આગળ પણ વધી શકશે તે શક્યતા પણ હકીકત બની શકે તેવી ક્ષમતા ધરાવે છે.

આમ, આવનારા દિવસોમાં, આ કાનુની સુનાવણીઓના અહેવાલો આપણી ચંચળ કષાયજનક મનોવૃત્તિઓ બરકરાર રાખશે અને આ ખેલ પર જલ્દીથી પડદો ન પડે એવી એષણાઓમાં શ્રાવકો અને આ સાધુ મહારાજો પણ પત્ર-પત્રિકાઓ કે બેપાનીયા અને ચોપાનીયાઓના મેદાનોમાં સીધી કે આડકતરી રીતે શાબ્દિક યુદ્ધોમાં સતત રચ્યાપચ્યા રહેશે તે જૈન ધર્મના ઉપાસકો તરીકે આવી વરવી કરૂણ વાસ્તવિકતા નિહાળવાનું દુર્ભાગ્ય આપણા માટે બીજું શું હોઈ શકે? તે પર પ્રમાણિકપણે આત્મચિંતન કરી શાસ્ત્રોને શિરોમાન્ય રાખવા સિવાય આપણા માટે બીજો કોઈ વિકલ્પ હવે રહ્યો જ નથી તે સ્વીકારવું જ પડશે.

પાંચસો વર્ષ પહેલાં આપણા ધર્મભીરૂ પૂર્વજોએ તેમના પશુપાલનના વ્યવસાયમાં બાધારૂપ બનેલો અન્યો દ્વારા થતો પશુવધ રોકવાની જૈનધર્મ તરીકેની મૂળભૂત ફરજ અદા કરવા સિંધ ખરપાકરથી કચ્છમાં હિજરત કરીને આપણા માટે પ્રાણાંતે પણ ધર્મપાલન કરવાની દિશા-રેખા દોરી તેમની પુણ્યસ્મૃતિને સમુચિત અંજલિ આપવા કાજે, સાધુમહારાજોની આવી ધર્મના મૂળ તંતુનો છેદ ઉડાડતી ચેષ્ટાઓને સહન કરી લેતી આપણી નિર્માલ્ય મનોદશાને અને પરિગ્રહનો ઢગલો કરી દેતી તેમની બધી હકીકતો નિભાવી લેતાં 'આ તો પછેડીને જ વંદીએ છીએ.' તેવી ધર્મનો ધજાગરો કરતી આપણી આત્મવંચનાની પોકળતાને જડમૂળથી ત્યજી દેવાનો સંકલ્પ આપણે કરવો જ પડશે, તો જ આપણા શાસ્ત્રોમાં પ્રયોજાયેલ શ્રમણ, સંયત, ઋષિ, મુનિ, વીતરાગ, અણગાર, શ્રમણ, ભદંત, દાન્ત ઈત્યાદિ જેવા પારિભાષિક શબ્દોને ચરિતાર્થ કરતા સાધુ-સાધ્વીઓની પુણ્ય-નિશ્રા આપણને પ્રાપ્ત થશે.

– રા.


॥ શ્રી મોમાઈ માતાય નમઃ ॥

## શ્રી મોમાઈ માતાજી - મોમાયા પરિવાર (સાંયરા)

સહર્ષ જણાવવાનું કે આપણાં કુળદેવી શ્રી મોમાઈ માતાજીની પહેડી અને ધ્વજા ચૈત્ર સુદ ૧ ને ગુરૂવાર તા. **૧૧.૪.૧૩** તથા શ્રી ભોઈમાની ગંધી બદલવાનો કાર્યક્રમ ચૈત્ર સુદ ૨ને શુક્રવાર તા. **૧૨.૪.૧૩** ના રોજ સાંયરા મધ્યે યોજેલ છે. આ બન્ને દિવસનો અમુલ્ય લાભ **શ્રી ચિમનલાલ દામજી મોમાયા (બારોઈ-સેંધવા) પરિવારે** લીધેલ છે. સાંયરામાં શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકો સપરિવાર એવમ નિયાણી બહેનો/દિકરીઓ સપરિવાર સાંયરા પધારવા અને પહેડી પ્રસાદનો મહામુલો લાભ લેવા ભાવભર્યુ **હાર્દિક આમંત્રણ** છે.

સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી.

ખુશાલીપૂર્વક જણાવવાનું કે મુંબઈમાં શ્રી મોમાઈ માતાજીની **ત્રીજી પહેડી** વૈશાખ સુદ ૯ને રવિવાર તા. **૧૯.૫.૧૩**ના રોજ શ્રી કપોળવાડી, ઘાટકોપર મધ્યે રાખેલ છે. જેના અમુલ્ય લાભાર્થી **દાતા માતુશ્રી ખેતબાઈ મેઘજી મોમાયા (પટેલ) પરિવાર હ. શ્રી મહેન્દ્રભાઈ પટેલ (સાંયરા-રાજકોટ)** છે. જેમાં પણ આપ સૌને સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

નિમંત્રક : **શ્રી ભોઈમા જયાબાઈ નવીનચંદ્ર મોમાયા તથા મોમાઈ માતાજી પરિવાર**

-: સંપર્ક :-

**શ્રી લબ્ધિકુમાર મોમાયા (ગાંધીધામ) - 09825351001**
**શ્રી મહેન્દ્રભાઈ મોમાયા (રાજકોટ) - 09099700444**
**શ્રી હિરાચંદભાઈ મોમાયા (ઘાટકોપર) - 09870336826**
**શ્રી ધનપતિભાઈ મોમાયા (જલગામ) - 09423185716**
**શ્રી શ્રેણિકભાઈ મોમાયા (મુલુંડ) - 09323785320**

# "હોપ વન થાઉઝન્ડ (HOPE-1000)" ને શ્રેષ્ઠ વ્યવસાયિક રોકાણ બનાવીએ તો જ તે શ્રેષ્ઠ સેવા આયોજન બની શકશે - ચંદ્રસેન મોમાયા

હોપ વન થાઉઝન્ડ એ દૃષ્ટિએ વિશેષ સેવા પ્રયોગ છે કે તેમાં દાતાઓ તેમજ રોકાણકાર અને ઘર ઈચ્છુકો નાનું જોખમ ઉઠાવે, તેમાંથી જ્ઞાતિને કોર્પોરેટ કલચરને આધારે અસાધારણ લાભ મળે એ વાત અભિપ્રેત છે.

આજે આ પ્રયોગ હાથ ધરાયાને ૧૫ વર્ષ પૂરા થયા છે ને છતાં તેમાંથી તેમાં દાન આપનાર, રોકાણ કરનાર, ઘર ઈચ્છનાર એમ કોઈને ય કાંઈ મળ્યું નથી એ હકીકત છે. તે છતાં એ સેવા પ્રયોગ-સેવા આયોજનના પાયામાં જે બીજ વિચાર છે તેની મહત્તા જરાય ઓછી થતી નથી.

ઉલ્ટાનું નિષ્ફળતાના કારણો તપાસીએ તો જણાય છે કે તેનો આરંભ ભલે કોર્પોરેટ કલચરના નમૂના તરીકે થયો હોય, તેનો વહીવટ માસ્તર મારેય નહીં ને ભણાવે પણ નહીં એવી ઢબે ચાલતી સેવાભાવી સંસ્થાની ઢબે થયો છે, તે તેના આડેપાટે ચડી જવાનું મુખ્ય કારણ છે.

આમ કેમ બન્યું અને તેમાંથી કોઈ ઉકેલ નીકળી શકે કે નહીં, તેની વિચારણાનો પ્રારંભ કોર્પોરેટ કલચર શું છે તેમજ આ પ્રયોગનાં મૂળ વિચારમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો તથા તે પછી વહીવટમાં તેનાથી દૂર કેમ થવાયું અને તેના શા પરિણામ આવ્યા એની વિગતવાર ચર્ચાથી કરવો રહ્યો.

જ્યાં સુધી વેપારની વાત હતી ત્યાં સુધી વ્યક્તિગત અને ભાગીદારીના વ્યવસાયિક સાહસોની બોલબાલા રહી. ઔદ્યોગિક ક્રાંતિથી માંડીને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સુધીની વિકાસગાથામાં એવી કોઈ પદ્ધતિ શોધવાની જરૂર ઊભી થઈ જે :-

૧) મોટી મૂડીની જરૂરત પૂરી પાડે.

૨) વ્યવસાયિક સાહસ તેની પાસેના નક્કર પરિણામોની અપેક્ષા પૂરી કરવામાં લાંબો-ઘણો લાંબો સમય લે તો પણ રોકાણ કરનારને પોતાનો વહેવાર ચલાવવામાં મુશ્કેલી ન પડે.

૩) આર્થિક વિકાસ સાથે વ્યવસાયિક સાહસ એક કારખાના, એક ઓફિસ, એક ગોડાઉનથી આગળ વધી અનેક કારખાના, અનેક ઓફિસ, અનેક ગોડાઉનની જરૂરતોવાળું બને તો પણ તેમાંનું જોખમ સામાન્ય રોકાણકારને પણ પરવડી શકે તેટલું રહે.

૪) સતત વિકસિત થતા વ્યવસાય માટેનું આર્થિક ભંડોળ એવા કોઈ સાધનમાં વહેંચાયેલું હોય જે ઉપરની બધી જરૂરતો પૂરી કરે.

બીજા શબ્દોમાં કહીએ તો એક એવું નાણાંકીય સાધન હોય જે મોટું-લાંબાગાળાનું-વહીવટની દૃષ્ટિએ ખૂબ ફેલાયેલું રોકાણ ઓછા જોખમે કરવાનું શક્ય બનાવે. આવું સાધન એટલે મોટી મૂડીનો નાનો, ઓછો જોખમવાળો, મિલકતોનું પ્રતિનિધિત્વ કરતો દસ્તાવેજ જેને આપણે સમાન્ય ભાષામાં 'શેર' તરીકે ઓળખીએ છીએ.

૫) વધુમાં આ સાધન પાસે એવી અપેક્ષા પણ રહે કે આપણી નોટોની જેમ તેની પણ પ્રવાહિતા હોય જેથી રોકાણ કરનાર તેને જ્યારે, જેવી રીતે રોકાણ કરવું હોય, તે રીતે રોકાણ કરી શકે કે પોતાની જરૂરત મુજબ પાછું પણ ખેંચી શકે.

૬) વિકાસના એક તબક્કે સરકારોએ કંપની ધારા પસાર કર્યા તથા તેનું વ્યવસ્થિત પાલન કરાય છે કે નહીં તેની દેખરેખ નિયંત્રણ રાખતી સત્તા બનાવી જેથી કામ પારદર્શક ને નિયમસર બન્યું.

આટલી પાર્શ્વભૂમિકામાં કોર્પોરેટ કલચરની વ્યાખ્યા બાંધીએ તો આવી હોય જ્યાં ઓછા જોખમે પૂરી પ્રવાહિતા સાથે સ્થળ કાળના બંધન વગર રોકાણ કરનાર તથા તેની અપેક્ષા પ્રમાણે વ્યાજબી વળતર આપી વિવિધ સેવા મેળવનાર સૌનો આર્થિક વ્યવહાર સારી રીતે ચાલે તેવું વાતાવરણ.

આના કેટલાક અંશો લઈને જ્ઞાતિજન 'થીંક ટેંક'નું બિરુદ પામેલા જ્ઞાતિના આવકવેરા અધિકારી તિલકભાઈ લોડાયાએ પ્રારંભમાં દાતાઓ થોડું દાન કરે જેનો બીજ મૂડી તરીકે ઉપયોગ કરી જમીન લેવાય તેમજ જેમને સ્વતંત્ર નાના બંગલા બાંધવા હોય કે જમીનમાં રોકાણ કરવું હોય તેઓ થોડું જોખમ ઉઠાવી ન જેવા ભાવે જમીનના પ્લોટ મળવાની બાંયધરી સામે પૈસા આપે તેનાથી જમીન ખરીદી, તે નામે ચઢાવવાની તથા વિકસિત કરવાની રકમ મળે એમ નાના જોખમ વગરના દાન કે રોકાણથી એક જ્ઞાતિ કોલોની ઊભી થાય અને જ્ઞાતિની રહેઠાણની સમસ્યા ઉકેલી શકાય.

આમ કરવાથી તેમાં સંકળાયેલા લોકોની ભૂમિકા પ્રમાણે ત્રણ વર્ગ ઊભા થયા. (૧) ખેડૂતોને વચને બાંધવા માટેની પ્રારંભિક બીજ મૂડી આપનારા દાનવીરો (૨) દાનવીરોમાંથી પ્રોજેક્ટનો વહીવટ સંભાળવાની જવાબદારી લેનારાઓ (૩) પોતાના ઘર માટે પ્લોટમાં રોકાણ કરનારાઓ કે (૪) કમાવવા માટે રોકાણ કરનારાઓ.

આમાંથી પ્રથમ બે પ્રકારના લોકોએ ભેગા મળી કંપનીધારાની કલમ ૨૫ હેઠળ સેવાર્થે ન વાપરી નાખે

અને તેમ નફો ન કરનારી કંપની સ્થાપી.

આ બધાનાં કેન્દ્રમાં સ્થાનિકે પ્રોજેક્ટનું અમલીકરણ શક્ય બનાવનારા શ્રી કુલીન પીર રહ્યા અને તેઓ પોતાની ક્ષમતા ધરાવતા વગદાર આગેવાન હોઈ જમીન વેચવા માટેના વચન મેળવવાનું તથા પૈસા લઈ વેચાણખત કરી આપવાનું કામ ઘણી સરળતાથી પાર પડ્યું.

ત્યાં સરકાર બદલાઈ એટલે જમીન નામે ચડાવવા તથા બિનખેતીની કરાવવા અંગે અનેક મુશ્કેલીઓ નડી. પણ તેમ છતાં શ્રી કુલીનભાઈએ વારંવાર સૂચનો કર્યા તેને સંચાલકોએ ન ગણકારતાં પારાવાર વિલંબ થયો. હવે જ્યારે લેવા ધારેલી ૨૧ એકરમાંથી ૧૬ એકર જમીન સાથે મેળવી બિન ખેતીની કરાવી લેવાઈ છે ત્યારે પણ ટાઈટલ (માલિકી હક્કનો પૂર્ણ દાવો) સિધ્ધ કરાવી શકાયો નથી.

સૌથી ખેદની વાત એ છે કે વહીવટ કરનારાઓએ પોતાનું ઘર બાંધવા કે કમાવવા માટે વગેરે લેનારાઓને સતત સાચી હકીકતો-મુશ્કેલીઓથી વાકેફ કરી તેમનો વિશ્વાસ જીત્યો નથી, બલકે અફવાઓને કારણે વિકટ બનેલી પરિસ્થિતિનાં અવિશ્વાસનો ગુણાકાર થતો રહ્યો છે.

દરમિયાન વહીવટકાર વર્ગમાં પણ આ વધુને વધુ ગુંચવાતી જતી પરિસ્થિતિ માટે કોણ જવાબદાર છે તે અંગે થયેલા વિવાદથી એક પછી એક જણને કેન્દ્રમાં રાખી પરિસ્થિતિ સુધારવાના અધકચરા પ્રયત્નો થયા જે નિષ્ફળ ગયા અને પરિસ્થિતિ વધુ ગુંચવાઈ.

પ્લોટધારકો સુધી આની વાતો પહોંચી તો તેઓ પોતાના હિતના રક્ષણ માટે સંગઠિત થયાનો પ્રયાસ કર્યો તો તેમને કદાચ વેચાણ કરશું અને તમને વ્યાજબી રકમ આપી છુટા કરશું તથા અમારી રીતે પ્રોજેક્ટ આગળ વધારશું એમ કહેવામાં આવ્યું.

એક ડાયરેક્ટરે આખો પ્રોજેક્ટ લઈ સૌનું ટેન્શન દુર કરવાની વાત કરી. તે અંગે અનૌપચારિક રીતે ભેગા મળેલા પ્લોટધારકોએ આ તો પીછેહટ જ નહીં. વિશ્વાસભંગ છે એવો મત જાહેર કર્યો. આખો પ્રોજેક્ટ આવી કોઈ ખોટી દિશા ન પકડે તે માટે દબાણ આણ્યું.

પ્લોટધારકોના દબાણથી એક વખત એવું આશ્વાસન પણ અપાયું કે સારી ઓફર મેળવવા પ્રયત્ન થશે. પ્લોટધારકોની સંમતી પછી વેચાણ થશે તથા તેમને કુલ વેચાણના ૭૦% હિસ્સો વળતર તરીકે મળશે.

આ પછી ડાયરેક્ટરોમાંથી બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે તેમણે તથા બાંધકામ વ્યવસાયમાંના જ્ઞાતિજનોમાંથી ઘણાંએ પોતાને સત્તા આપવામાં આવે અથવા શરતોને આધિન પ્લોટ વેચવામાં આવે તો જ્ઞાતિની રહેઠાણની સમસ્યા હળવી કરવા તે રીતે બાંધકામ કરી આપવા પોતે તૈયાર છે એવા સંક્તો આપી, ગુંચવાડો વધારી મૂક્યો.

દલાલો, પ્લોટધારકો તેમજ અન્યો પોતાના ઓળખીતા પાસેથી ઓફર લઈ આવવાની શરતે ભાવ પૂછી ગયા છે. ઓફર વધતી વધતી આશરે ૪ની સંભવિત એફએસઆઈવાળી ૭ લાખ ચો. ફૂટ મૂળ જમીન માટે ૫૦ કરોડ સુધીની ઓફરો આવી ગઈ છે.

અલબત્ત વિકાસ સંભાવનાઓ જોતાં આ બધું ‘લાખનો માલ બાર હજારમાં આપવા’ બરાબર છે.

તો શું કરવું? મહદઅંશે જોઈએ તો એકંદર સ્થિતિ સરકારે પોતાના સમાજવાદી ખ્યાલો માટે ઊભી કરેલી કંપની અપેક્ષા પ્રમાણેનું કામ ન કરી શકી પણ તે નિમિત્તે જાહેર મિલકતો ઊભી થઈ, કાંઈક તેવું છે.

વીસમી સદીના છેલ્લા બે દાયકામાં જૂની સમાજવાદી ઢબે થયેલા બધા પ્રયોગો માત્ર નોકરશાહીને ફાયદો કરાવે છે અથવા કોઈનેય ફાયદો નથી કરી રહ્યા એટલે તેને ગતિશીલ બનાવવા માટે તેમાં જોખમ ઉઠાવવા સાથે મેનેજમેન્ટની નવી પદ્ધતિ અખત્યાર કરે, તેવા લોકોને આમંત્રવા જોઈએ, એ પ્રકારનો વિચાર વહેતો થયો.

તેને આધારે ભારતમાં જાહેર સાહસોમાંથી સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટ કરે (વિનિવેશ-રોકાણ પાછું ખેંચે) તેમજ વધુ મૂડીરોકાણનું જોખમ ઉઠાવી અને મેનેજમેન્ટના નવા વિચાર સાથે પ્રયોગો કરે તેવા લોકો માટે જગ્યા કરે તેવી નીતિ ઘડવામાં આવી.

આ નીતિ અપનાવાયાને બે દાયકા થયા. વિવિધ કારણોસર સરકાર તેનો પૂરો અમલ નથી કરી શકી પણ એ વાત ઉડીને આંખે વળગે છે કે લગભગ બધા જ જાહેર ઉદ્યોગોનું સંચાલન પહેલાં કરતાં સારી રીતે થઈ રહ્યું છે. તેમાંનાં કેટલાંક જાહેર ઉદ્યોગો તો વ્યવસાયિક સફળતા અને સામાજિક કર્તવ્ય એમ બન્ને બાબતે ખાનગી ઉદ્યોગોથી પણ ચઢીયાતા પુરવાર થયા છે.

આ સાથે દાયકાઓથી તાતા અને હવે વીપ્રો જૂથે અનાવેલી વ્યવસાય અને સેવાભાવના સંતુલનની નીતિ અંગે જાણવું રસપ્રદ અને પ્રાસંગિક છે.

તાતા ગ્રુપની લગભગ બધી કંપનીઓમાં ૩૦% થી ૩૫% મૂડી સેવા ભાવનાથી સ્થપાયેલા ટ્રસ્ટની હોય છે. બીજી ૨૦ ટકા મૂડી તાતા ગ્રુપની હોય છે. અન્ય ૧૦ ટકા મૂડી અન્ય પારસીઓની હોય છે. બાકીની મૂડી જનતા પાસે હોય છે.

આ બન્ને ઉદાહરણોની નજરમાં હોપ વન થાઉઝન્ડને વધુ ગતિશીલ વધુ પ્રવાહી રોકાણ તથા વધુ લોકઉપયોગી બનાવવાની વિચારણા કરીએ તો આટલી વાત સામે આવે છે.

૧) અટવાઈ ગયેલા આ પ્રોજેક્ટને ગતિશીલ-પ્રવાહી-લોક ઉપયોગી બનાવવા અત્યારની કંપની ધારાની ૨૫મી કલમ હેઠળની હોપ વન થાઉઝન્ડ કંપનીને એજ

નામની પ્રોફેશનલી ચાલતી પબ્લિક લિમિટેડ કંપનીનો ભાગ બનાવી દેવી જોઈએ.

૨) અત્યારે જેમણે સેવાભાવે રોકાણ કર્યું છે. તેને પણ રોકાણકાર જ ગણવા જોઈએ.

૩) પ્રવાહીતા લાવવા અને જોખમ ફેલાવવા કંપનીનું રોકાણ રૂા.૧૦ના એવા ૧૦૦નો લોટ ધરાવતા શેરોમાં ફેરવી નાખવું જોઈએ.

૪) પ્રારંભિક દાનવીર-વહીવટી સેવા આપનારા ડાયરેક્ટરને તથા અન્યોને તેમની સેવાના બદલામાં એકેક પ્લોટ આપવા જોઈએ.

૫) આ પ્રોજેક્ટનું બીજ વાવનારા, સિંચનારા બીજા શબ્દોમાં તેને માટે પોતાની બુધ્ધિનો ઉપયોગ કરનારાઓને પણ એકેક પ્લોટ આપી તેને ગતિશીલ, નફાકારક લોક ઉપયોગી બનાવવાની પ્રક્રિયામાં હિત ધરાવનારા બનાવવા જોઈએ.

૬) આખો પ્લોટ આશરે ૭ લાખ ચો.ફૂટનો છે માટે તેની એકંદર કિંમત રૂા. ૧૦ના ૭ કરોડ શેર જેટલી એટલે કે ૭૦ કરોડ જેટલી ગણવી જોઈએ. એ રીતે ૨૨૫૦ ચો.ફૂટનો પ્લોટ ધરાવતા દરેકને ૨૨૫૦ x ૧૦૦ = ૨૨૫૦૦૦ શેર આપવા જોઈએ. બાકીના શેર અત્યારની કંપની પાસે રહેવા જોઈએ.

૭) ટાઈટલ ક્લીયર કરાવવામાં મુખ્ય મુશ્કેલી મુળ જમીન માલિક કુટુંબના સભ્યો પાસેથી એ સંબંધી મંજૂરી લઈ કન્વેયન્સ કરાવવાની છે. તે દરેકને પ્રાથમિક સહમતી આપે ત્યારે તેના હિસ્સા પ્રમાણે ૧ ચો. ફૂટના ૨ શેર, આવા ૭૦ ટકા લોકો સહમતી આપી દે ત્યારે દરેક ચો.ફૂટના ૩ શેર તથા ૧૦૦ ટકાની સહમતી આપે કે ૨-૫% ની જ સહમતી બાકી રહે ત્યારે અન્ય ૫ શેર આપવા જોઈએ. બીજા શબ્દોમાં રૂા. ૧૦ના ૭૦ લાખ શેરો તેમને માટે રાખવા જોઈએ.

૮) પ્રથમ વર્ષની વ્યવસાયિક કાર્યવાહી માટે મૂડી મેળવવા રૂા. ૧૦ ના ૯૭ લાખ શેરો ખાનગી પ્લેસમેન્ટ દ્વારા વહીવટી શક્તિ અને રોકાણ કરવાનું જોખમ લઈ શકતા જ્ઞાતિના વ્યવસાયિકોને રૂા.૨ ના પ્રીમીયમે આપવા જોઈએ. આ રીતે એકઠું થયેલ પ્રિમીયમ પ્રથમ વર્ષની સેવા પ્રવૃત્તિ માટે જ વપરાય એવી શરત પુનઃરચના યોજવામાં પહેલેથી હોવી જોઈએ.

૯) દ્વિતીય વર્ષની વ્યવસાયિક કાર્યવાહી માટે મૂડી મેળવવા રૂા. ૧૦ના ૧૦૦ લાખ શેરો રૂા. ૫ના પ્રીમીયમે નાત ભરણામાં ઓફર કરવા જોઈએ. આ પ્રીમીયમ રૂપે મળેલ રકમ બીજા વર્ષની સેવા પ્રવૃત્તિ માટે વપરાય એવી શરત પુનઃરચના યોજનામાં પહેલેથી હોવી જોઈએ.

૧૦) તૃતીય વર્ષની વ્યવસાયિક કાર્યવાહી માટે મૂડી મેળવવા રૂા. ૧૦ના ૧૦૦ લાખ શેરો રૂા. ૧૦ના પ્રીમીયમે નાત ભરણામાં ઓફર કરવા જોઈએ.

પુનઃ રચના કરતા ૬ મહિના થાય, આમેય પ્લોટના નક્શા બનાવતા છ મહિના થાય અને મકાનો બાંધતા બીજા બે વર્ષ થાય એવી સામાન્ય ગણતરી કરીએ તો ત્રીજે વર્ષે આ કંપની ઊંચી ઉડ્ડાન ભરવા તૈયાર થઈ ગઈ હોય.

વ્યવસાયિક કંપનીના આસરે ૪૫% શેરો એવા સામાજિક કર્તવ્યપાલન માટેની મૂળ કંપનીના હાથમાં હોય એટલે તે પોતાના મૂળ શેરો અકબંધ રાખી કંપનીની પ્રવૃત્તિથી શેરોના ભાવમાં થતા વધારા જેટલા શેરો છુટા કરી પોતાની સેવા પ્રવૃત્તિ કાયમ માટે ચાલુ રાખી શકે.

અલબત્ત, અહીં જે યોજના રાખવામાં આવી તે આ યોજનાનો બીજ વિચાર ગમ્યો હોવાથી આશરે ૪ માસ સુધી તેના માનદ સેક્રેટરી સેવા આપનાર તથા વખતોવખત પત્રકાર તરીકે તેની ખબર રાખનાર પત્રકારના છે તેમાં મૂળ વિચાર રજૂ કરનાર, વહીવટ સંભાળનાર તેમજ જ્ઞાતિના અન્ય વિચારશીલોના વિચાર ભળે તો જરૂર હોપ વન થાઉઝન્ડને સારુ વ્યવસાયિક રોકાણ અને સામાજિક કામો માટેનું કલ્પવૃક્ષ બનાવી શકાય.

**આદરાંજલિ**

**અવતરણ**
**૨૦.૯.૧૯૪૪**



**અરિહંતશરણ**
**૪.૩.૨૦૧૩**

**માતુશ્રી કાંતાબેન ગુલાબચંદ ધરમશી**

(સુથરી-મુલુંડ)

*શાંત સરળ સ્વભાવ, સર્વે જીવોને સમભાવ*
*પરમકૃપાળુ પરમાત્મા આપના*
*આત્માને ચિર શાંતિ આપે એવી પ્રાર્થના...*

-: પ્રાર્થયિતા :-

**માતુશ્રી વિજયાબેન મુલચંદ મોતા**
**અ.સૌ. કવિતા પિયુષ મોતા**
**મીર અને પાર્શ્વ**

(તેરા-મુલુંડ)

# કોમ્પ્યુટરના શારીરિક દુષ્પ્રભાવો

કોમ્પ્યુટર આજે વ્યક્તિની જિંદગીનો એક મહત્ત્વનો હિસ્સો બની ગયો છે. કોમ્પ્યુટર વગર મનુષ્ય પોતે પોતાને અધુરો મહેસુસ કરે છે. પણ કોમ્પ્યુટરના જેટલા ફાયદા છે, તેટલું જ તે નુકસાનકારક પણ છે. આ યુવાપેઢીને તે વધારે પ્રભાવિત કરી રહ્યું છે. આજકાલ તો દરેક નાનું બાળક પણ કોમ્પ્યુટર ચલાવવાનું જાણે છે. કેટલીક સમસ્યાઓ તેના વધારે પડતા ઉપયોગથી થઈ રહી છે. તે જાણી લેવા જેવી છે.

**સરવાઈકલ સ્પોન્ડીલાઈટીસ**

પ્રાચીનકાળમાં આ બિમારી માત્ર વૃદ્ધાવસ્થામાં જ થતી હતી. પણ આજકાલ યુવાનોમાં વધારે જોવા મળે છે. ભુલભરેલી સ્થિતિમાં બેસવું, કમરને આગળની દિશામાં નમાવી વધારે કામ કરવું, એક જ દિશામાં વધારે સમય જોવાથી ગરદનની હલચલ નથી થતી અને ગરદનમાં વધારે દુઃખાવો થાય છે. આ દુઃખાવો ગરદનની નીચે, હાથમાં અને પીઠ સુધી જાય છે. આંખો સામે અંધારું છવાઈ જાય છે. ચક્કર આવે છે, હાથની આંગળીઓમાં શુન્યતા આવી જાય છે વગેરે આ રોગનાં લક્ષણ છે.

**કમરનો દુઃખાવો**

આજકાલ કમરનો દુઃખાવો સામાન્ય સમસ્યા બનતા જાય છે. લગાતાર એક જ સ્થિતિમાં બેઠા-બેઠા હાલ્યા ચાલ્યા વિના કામ કરવું, ઝુકીને બેસવું, ભુલભરેલી રીતે બેસવું, વગેરે કારણોથી કમરમાં દુઃખાવો થાય છે.

આયુર્વેદના મતે વાત પ્રકોપના કારણે આ કમર દુઃખાવો થાય છે. તેમાં વધારે પરિશ્રમ કરવો, ઠંડા-સુકા આહારનું સેવન કરવું, ઠંડા પાણીથી નહાવું, તાણયુક્ત જીવન જીવવું વગેરે કારણોને લીધે શરીરમાં વાત દોષનો પ્રકોપ થઈ જાય છે.

**માથાનો દુઃખાવો**

મોડી રાત સુધી અથવા આખો દિવસ કોમ્પ્યુટર સામે બેસવું, માનસિક ચિંતા કરવી, સમયસર ભોજન ન લેવું, વધારે પડતો પરિશ્રમ કરવો વગેરે કારણોથી માથામાં ભારેપણું, વધારે દુઃખાવો, આંખોમાં ભારેપણું વગેરે સમસ્યાઓ ઊભી થાય છે.

**કોરપલ ટનલ સીન્ડ્રોમ**

વધારે ટાઈપીંગ કરવાથી હાથની નસ (Median nerve) ને ઈજા પહોંચે છે. તેને 'કોરપલ ટનલ સીન્ડ્રોમ' કહે છે. તેમાં કાંડાના આગળના ભાગમાં સોજો આવે છે. તેને કારણે નસો પર દબાણ આવે છે. તેને કારણે આંગળીઓમાં દુઃખાવો અને કંપારી, શુન્યપણું, હાથોની મજબુતીમાં ઘટાડો અને માંસપેશીઓમાં કમજોરી આવી જાય છે.

**યુવાનોમાં નપુંસકતા**


ખોળામાં લેપટોપ રાખી સતત ઉપયોગ કરવાથી સૌથી વધારે પુરૂષ પ્રજનનતંત્ર પ્રભાવિત થાય છે. લેપટોપમાંની ગરમી અને તેનાથી નીકળનાર તરંગોથી શુક્રાણુઓના ઉત્સર્જન પર પ્રભાવ પડે છે. શુક્રાણુ એક નિશ્ચિત તાપમાન પર જીવે છે. તાપમાન વધી જવાથી શુક્રાણુસંચરણ નથી કરી શકતાં. તેને પરીણામે ઓલીગોર્સ્પમીયા (અલ્પ શુક્રાણુતા) જેવા રોગથી યુવાનો ઘેરાઈ જાય છે. તે સમજી નથી શકતા કે આધુનિક સાધન તેમને કેટલું ખોખરું કરી રહ્યું છે. એટલે લેપટોપ પગ પર રાખી ઉપયોગ કરવાથી બચવાનું છે.

**નજર કમજોર થવી**

આજના યુગમાં લોકોને વધારે સમય કોમ્પ્યુટર સામેજ પસાર કરવો પડે છે. તેની આંખો પર અવળી અસર પડી રહી છે. તેમાં આંખ નીચે કાળાશ, આંખોમાં સુકાપણું, આંખોમાં બળતરા, ધુંધળું દેખાવું વગેરે લક્ષણો જોવા મળે છે. તેના કારણે ચશ્મા પણ જલ્દી આવે છે.

**મસ્તક સંબંધી વિકારો**

પહેલાં જ્યારે કોમ્પ્યુટર ન હતું, ત્યારે મગજને જ કોમ્પ્યુટર કહેવામાં આવતું. આજકાલ કોમ્પ્યુટર પર બટન



દબાવવાથી જે પણ વસ્તુની જાણકારી જોઈએ તે બધી જ આવી જાય છે. તેને કારણે લોકોએ પોતાના મગજનો ઉપયોગ કરવો તદ્દન બંધ કરી દીધો છે. આજકાલ લોકો મગજનો ઓછો ઉપયોગ કરી રહ્યા છે. તેને કારણે તેમની વિચારશક્તિ પણ ઘટતી જાય છે.

**પાચનક્રિયા પર અસરો**

મોડી રાત સુધી કોમ્પ્યુટર કે લેપટોપ પર કામ કરતા રહેવાથી જમ્યા પછીનું પાચન બરાબર અને પુર્ણ રીતે થઈ નથી શકતું. તેનાથી પિત્તનો સ્ત્રાવ વધારે થાય છે. પરિણામે એસીડીટી, અરૂચી, ઉંઘ ન આવવી, કબજીયાત વગેરે રોગોથી વ્યક્તિ ઘેરાઈ જાય છે. પાચન બરાબર ન થવાથી તેની સીધી અસર ચામડી અને લોહી પર પડે છે. ચામડીના વિવિધ રોગો થવા શરૂ થાય છે. દા.ત. ખીલ.

**મેદસ્વીતા**

મેદસ્વીતા પોતે પોતામાં જ એક બિમારી છે. આ બિમારી દેશમાં પ્રતિદિન વધતી જાય છે. તેનું એક કારણ છે સતત એક જગ્યા પર દસ-બાર કલાક બેસી રહેવું. દરેક બીજી વ્યક્તિ આ રોગનો શિકાર બની રહી છે. મેદસ્વીતા રોકવા કોમ્પ્યુટર પર કામ કરતી વખતે ખાવાની ટેવથી દુર રહેવું. મેદસ્વીતા પોતે પણ કેટલીક બિમારીઓને આમંત્રણ આપે છે, જેમકે હૃદયની બિમારી, હાઈપરટેન્શન વગેરે.

**ઉપાયો**

- સૌથી સારો ઉપાય છે કે સતત બેસીને કામ ન કરવું. વચ્ચે વચ્ચે ઉભા થઈ આરામ કરવો કે ફરવું.
- કામ કરતી વખતે વચ્ચે વચ્ચે આંખ પટપટાવવી. તેમાં પાણી છાંટવું.
- જમ્યા પછી તરત કામ શરૂ ન કરવું.
- કામ કરતા કરતા ખાવું નહીં.
- મોડી રાત સુધી કામ ન કરવું. નિયમિત સમયે ઉંઘી જવું.
- દરરોજ ફરવા જવું.
- યોગાસન, વ્યાયામ, એરોબીક્સ વગેરે નિયમિત રીતે કરવાં.
- તકલીફ વધી જાય તો નિષ્ણાંતની સલાહ લેવી.
- દરરોજ ધ્યાન કરવાથી પણ મન શાંત રહેશે.
- લેપટોપ ખોળામાં રાખીને કામ ન કરવું.
- સતત યાદ રાખવું કે અતિની ગતિ નથી. સતત કામ નાણાંકીય ફાયદો કરાવશે, પણ તે સાથે માંદગી પણ લાવશે. એટલે કામમાં સમતુલા જાળવવી.

***('શીવામ્બુ' માંથી સાભાર)***

**ભૂલ સુધાર :** ગતાંકમાં જ્ઞાતિની ભૂતપૂર્વ મહિલા કાર્યકરોનાં નામોમાં **રતનબાઈ વીરજી ગંગાજર મૈશેરી (મુલુંડ)** વાંચવું.

## ઝુકી તો જવાયને....

શેઠ શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર અને મલકાપુરવાસીઓ,

અમારા પરિવારના એક સભ્ય ભાગ્યવંતી વીરચંદ પોલડીયા ઘણાં વરસોથી મલકાપુરમાં પોતાની મા સાથે ભોજનાલય ચલાવતા રહ્યા. એમની માતાના સ્વર્ગવાસ અને પોતાની નાદુરસ્ત તબિયત થતાં આપનો પરિવાર એમની સાથે પરિવારના સભ્ય જેવું માન રાખી, બધી મદદ કરવામાં હંમેશા આગળ રહ્યો, દવાઈ, સારવાર રહેવા, કરવા અને જમણ તેમજ બધાના ખર્ચની જવાબદારી તમારા પરિવારે ઉપાડી લીધી અને છેલ્લે એમનું અવસાન થતાં, અંતિમ ક્રિયાવિધિ પણે જાળવી રાખી. એ પણ તન, મન, ધનથી અને નિઃસ્વાર્થભાવે સેવા બજાવી.

અમો પરિવારના સભ્યો હોવા છતાં એમની સહાયતા કરવામાં અસફળ રહ્યાં. ત્યાં આપશ્રીનું એ યોગદાન અમુલ્ય છે.

પુ. નરશીબાપાએ જલાવેલ સમાજસેવાની જ્યોત આપના પરિવારે સદાય ઝગમગતી અને પ્રજ્જ્વલિત રાખી છે. એનાથી કોઈ જ્ઞાતિજન અજાણ નથી. સમાજ પ્રત્યે આપના પરિવારની સેવાભાવના ક્યારેય ઓછી કે નબળી પડી નથી. આજે આપના ઉદાર સહયોગથી જ્ઞાતિના કેટલાયે પરિવારો પગભર થયા છે. દવા, શિક્ષણ, રહેઠાણ જેવા કાર્યોમાં આપના પરિવારનો સહયોગ સમાજને હંમેશા મળતો રહ્યો છે. કાર્યના ક્ષેત્રે સાધુ-સાધ્વી, વૈયાવચ્ચ અને સમાજ સેવા કાર્યો માટે આપના પરિવારે હંમેશા અનુમોદનીય યોગદાન આપ્યું છે અને બીજાને એવી ભાવના થાય તે માટે પ્રેરક બન્યા છો. કોઈપણ પરગજુ કાર્ય માટે દંડ પરિવાર તત્પર રહ્યું છે.

આપની આ સેવામિશાલને નતમસ્તકે વંદન અને અનુમોદના... આપ સૌને આવા સુકૃત માટે સર્વથા શક્તિ મળી રહો એજ શુભેચ્છા....

– **શરદ ગોવિંદજી પોલડીયા** (ઘાટકોપર)

## નલીયા-નાગડા ગોત્ર

શ્રી **નલીયા** મધે **નાગડા ગોત્ર**ના કુળદેવી **શ્રી અંબેમાની સમુહ પહેડી** તા. **૧૦.૭.૨૦૧૩**ના રાખેલ છે. પહેડીમાં શ્રી નાગડા ગોત્રના સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને શ્રી માતાજીના દર્શન-આરતી-પ્રસાદ લેવા પધારવા હાર્દિક આમંત્રણ છે.

-: નિમંત્રક :-

**શ્રી નાગડા ગોત્રના સર્વે ભાવિકો (નલીયા)ના જય માતાજી**

## સંયમજીવનની હાર્દિક અનુમોદના



**ડાબેથી જમણે પૂ.સા. મહાપ્રજ્ઞાશ્રીજી, ભવ્યદર્શનાશ્રીજી, દિવ્યદર્શનાશ્રીજી અને હર્ષવદનાશ્રીજી મ.સા.**


**પૂ.સા.શ્રી હર્ષવદનાશ્રીજી મ.સા.**ના સફળ સંયમજીવનના ૨૫ વર્ષ પુર્ણ થતાં ચારિત્રગુણની રજતજયંતિ પ્રસંગે હાર્દિક અભિનંદન અને ભૂરી ભૂરી અનુમોદના...

આપશ્રીની પ્રેરણા, સ્વાધ્યાય-સાધનાબળે જિનશાસનનાં સત્કાર્યો અને શાસન પ્રભાવનાનાં ધર્મકાર્યો અપ્રમતપણે થતા રહે અને પરમાત્મા આપશ્રીને નિરામય, તંદુરસ્ત અને સર્વશક્તિમાન દીર્ઘાયુષ્ય આપે એજ સહૃદયે પ્રાર્થના... આપશ્રીનું શાસન સમર્પણ સદા રજતની જેમ ચમકતું રહે અને ઉજ્જવલ બને એવી શુભકામનાઓ...

-: અનુમોદના સ્પંદન :-

**મા. રાજબાઈ નરશી છેડા સમસ્ત પરિવાર** (સુથરી)
**મા. કુંવરબાઈ રતનશી મૈશેરી પરિવાર** (મોટી સિંધોડી)
**મા. ખેતબાઈ ભવાનજી મોતા પરિવાર** (વારાપધર)
**મા. લક્ષ્મીબાઈ વેલજી લોડાયા પરિવાર** (આરીખાણા)
**મા. ખેતબાઈ ચાંપશી ધરમશી પરિવાર** (કોઠારા) એવમ સર્વે ગુરૂભક્ત-ભાવિક પરિવાર


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય

**જ્યોતિ**
**સિલ્ક સાડી એમ્પોરીયમ**
*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com

**K. Dixit**
રીયલ ડાયમંડ જ્વેલરી
**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**
(સાંધાણ – ઘાટકોપર)
**98204 57676**
**લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ તથા નેકલેસનું આકર્ષક કલેકશન**

## ઈતિહાસ-પ્રકાશ : શ્રી રત્નસાગર મહોપાધ્યાયજી - *શ્રી દેવજી દામજી ખોના*

સા. ૧૭૨૦માં 'ગુરૂગુણ ચોવીસી' ના રચનાર પૂ.સા. ગુણશ્રીજી કહે છે કે કચ્છમાં જખૌમાં (દશા) ઓસવાલ જ્ઞાતિમાં નાગડા ગોત્રમાં આસુશેઠની કરમાદે નામની પત્નીને સં. ૧૬૨૬ના પોષ સુદી દશમે પુત્ર જન્મ થયો જેનું નામ **રતનશી** રાખવામાં આવ્યું. રતનશી સાત વર્ષનો થતાં માતા-પિતા ગુજરી ગયા. સં. ૧૬૩૫માં શ્રી ધર્મમૂર્તિસુરીશ્વરજી જખૌમાં પધાર્યા ત્યારે કાકાએ રતનશી એમને હસ્તે સુપરત કર્યો. ત્યાંથી વિહાર કરી સં. ૧૬૪૧ મહા સુદી બીજને દીવ બંદરમાં દીક્ષા આપી અને રત્નસાગરજી નામ રાખ્યું. સં. ૧૬૪૪ વૈ.સુ. ૩ને દિવસે વડી દીક્ષા આપી અને કલ્યાણસાગરજીના શિષ્ય તરીકે સ્થાપ્યા. શાસ્ત્રો ભણ્યા પછી મહોપાધ્યાયની પદવી આપી. સં. ૧૬૪૮માં મુનિમંડલ નાયક થયા. કલ્યાણસાગરજી સાથે વિહાર કરવા લાગ્યા ત્યારે ગુરૂ મહારાજે તેમને કેટલાક વિદ્યામંત્રો આપ્યા. શ્રી રત્નસાગરજીએ સં. ૧૬૫૪માં સુરતમાં પ્રતિષ્ઠા કરાવી અને ગોઠડીઆ ગોત્રના સ્વરૂપચંદ શેઠે ૧૩ જિન પ્રતિમાઓ ભરાવી. ત્યાંથી રાધનપુર પધાર્યા. ત્યાં બુહડ ગોત્રના મેઘણ નામે બાર વ્રતધારી શ્રાવકે ઉપાધ્યાયજીના ઉપદેશથી શ્રી શંખેશ્વરનો સંઘ કાઢ્યો. ત્યાં મેઘણ શેઠે સંઘજમણ કરીને ત્રણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. પછી રાધનપુરના નવાબની બેગમનો છ માસનો તાવ ઉતારતાં તેમની યશકીર્તિ પ્રસરી શ્રી ધર્મમૂર્તિસુરીજીના પરિવારમાં સાત મહા-મહોપાધ્યાયજીમાં શ્રી રત્નસાગરજી સૌથી અગ્રણી હતા. સર્વ યતિવર્ગમાં વય, દીક્ષા અને જ્ઞાન પર્યાયથી મોટા એવા શ્રી રત્નસાગરજી રાજાના મંત્રીની પેઠે શ્રી કલ્યાણસાગરજી સુરિશ્વરજીની સેવા કરતા થકી અને સઘળા યતિ સમુદાયને તુલ્ય દૃષ્ટિથી જોતા થકી તેમજ સર્વને ગ્રહણા, આસેવનાદિકની શિક્ષા દેવાને તત્પર તેમજ આગમ, ન્યાયશાસ્ત્ર, કાવ્ય તથા સાહિત્યશાસ્ત્ર આદિમાં નિપુણ તેમજ સમભાવથી અમૃત સરખી મધુર વાણીવાળા થયા થકી, સમસ્ત ગચ્છની સારસંભાળ કરતા હતા. વળી તેઓએ જુદા જુદા ગામોમાં તથા નગરોમાં અનેક શ્રાવકોને પ્રતિબોધ્યા તેમજ તેમના ઉપદેશથી અનેક જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા થયેલી છે. એવી રીતે ઉપાધ્યાયજી સાધુના પાંચે આચારો અતિચાર રહિત પાળતા હતા. પાંચ સમિતિઓને ધારણ કરતા હતા. મન, વચન અને કાયાને ગોપવી ચાલતા હતા. તથા કામ અને કષાયોને નિવારતા હતા. સં. ૧૭૨૦માં શ્રી રત્નસાગર ઉપાધ્યાયજી ૯૪ વર્ષનું આયુષ્ય ભોગવી કપડવંજમાં પોષ સુદી ૧૦ ને દિને સ્વર્ગે સિધાવ્યા. ઉપરોક્ત ગુંહલીનું પ્રાચીન પાનું સંવત ૧૮૩૩માં માગસર વદ ૭ના સુરતમાં સાધ્વી શ્રી દાનશ્રીએ પોતાના અભ્યાસ માટે પોતે જ હસ્તાક્ષરથી લખ્યું છે. પરિવારમાં ઉત્તરોત્તર મેઘસાગરજી, વૃધ્ધિસાગરજી, હીરસાગરજી, સહજસાગરજી, માનસાગરજી, રંગસાગરજી, ફતેહસાગરજી, દેવસાગરજી, સ્વરૂપસાગરજી અને ગૌતમસાગરજી થયા.

પૂજ્ય મહોપાધ્યાય શ્રી રત્નસાગરજીના જીવન ચરિત્ર ઉપરથી તારવી શકાય છે કે આપણી દશા ઓસવાળ જ્ઞાતિમાં સાધુ વ્રત ધારણ કરનાર તેઓ પ્રથમ હતા. એટલું જ નહીં પણ દીક્ષાએ તથા વયમાં નાના એવા ગચ્છાચાર્ય પૂ.દાદાશ્રી કલ્યાણસાગરસુરીશ્વરજીના મંત્રી તરીકે, દરેક પ્રકારની જવાબદારી અદા કરતા હતા. ગચ્છનાયક શ્રી કલ્યાણસાગરજી સુરીશ્વરજી હોવા છતાં પૂ. મહોપાધ્યાય શ્રી રત્નસાગરજી જ સર્વસ્વ જેવા હતા. ાવા ઉત્તમ શ્રમણરત્ન થવા બદલ જ્ઞાતિએ મગરૂબી (ગૌરવ) લેવી જોઈએ. પૂ. શ્રી. કલ્યાણસાગરસુરીશ્વરજીની પાટ પરંપરાએ છેલ્લા શ્રી જિનેન્દ્રસાગર સુરીશ્વરજી શ્રીપુજ થયા છે જ્યારે પૂ. શ્રી. રત્નસાગરજીની પાટ પરંપરાએ પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી નીતસાગરજી, ગુણસાગરજી થયા છે.

***('પ્રકાશ-સમીક્ષા'ના જુના અંકમાંથી)***

## ટ્રસ્ટોના અંદાજપત્રો

જ્ઞાતિના સર્વ ટ્રસ્ટો અને મહાજનોને વર્ષ ૨૦૧૨-૧૩ માટેના પોત-પોતાના અંદાજપત્રો બનાવી તેની નકલો 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલવા અનુરોધ કરીએ છીએ જેથી શક્યતઃ તે સંપૂર્ણતઃ અથવા તેના મુખ્ય અંશોની પર્યાપ્તપણે રૂપરેખા મળી શકે તે રીતે જ્ઞાતિજનોની જાણકારી માટે 'પ્રકાશ-સમીક્ષા' માં પ્રકાશિત કરી શકાશે. મહારાષ્ટ્રમાં નોંધાયેલ ટ્રસ્ટો અને સંસ્થાઓને કાયદાની જોગવાઈઓ હેઠળ ૩૧ માર્ચ સુધીમાં તેવા અંદાજપત્રો ચેરીટી કમીશ્નરના દફતરે ફાઈલ કરવાનું ફરજિયાત છે.

મહારાષ્ટ્રમાં નોંધાયેલ જે ટ્રસ્ટો/મહાજનો/ સંસ્થાઓના અંદાજપત્રોની નકલો 'પ્રકાશ-સમીક્ષા'ને **૩૦ એપ્રિલ-૨૦૧૩** સુધી નહીં મળે તેમણે આવા અંદાજપત્રો તૈયાર કર્યા નથી અથવા તો જ્ઞાતિને તેની જાણકારી આપવામાં તેમના સંચાલકોને રસ નથી તેવો નિષ્કર્ષ જ્ઞાતિજનો કરી શકશે.

**- *તંત્રી***

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ

**કાર્યાલય : જુનુ પદમભુવન, ૧લે માળે, નહેરૂ રોડ, મુલુંડ(વે), મુંબઈ-૪૦૦૦૮૦**

## નમ્ર અપીલ

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિને તા. ૬.૩.૧૩ સુધી ૨૯૦૦૨ જણના ફોર્મ મળ્યા છે. **મુંબઈનાં ૧૧૭૫, પરદેશનાં ૬૩૩ અને ભારતભરનાં ૪૬૧ મળીને કુલ્લે ૨૨૬૯ જ્ઞાતિજનોનાં** ફોર્મ આવવાનાં બાકી છે. મહીનાઓથી ભરેલા ફોર્મ પાછા મેળવવા સમિતિ/એકમો/મહાજનશ્રીઓ/સંઘો/મંડળો/કાર્યકરો દ્વારા સતત અને સખત પરિશ્રમ થઈ રહ્યો છે, છતાં પણ ફોર્મ બાબતે ઘણી જ ઉદાસીનતાના પરિણામે હજી સુધી **૨૨૬૯** જ્ઞાતિજનોના ફોર્મ બાકી રહેલ છે. જે ખરેખર ખૂબજ દુઃખની વાત છે. છેલ્લા ફક્ત ચારેક હજાર ફોર્મને માટે અમને તે સમય સુધી પ્રાપ્ત થયેલ ૨૫૦૦૦થી વધુ જ્ઞાતિજનોને અન્યાય થઈ રહ્યો છે. આ કાર્ય પાછળ જ્ઞાતિહિત માટેની એકતા અને ભાઈચારાની ખૂબ જ ઉદારભાવના કામ કરી રહી છે.

આ વસતિપત્રકનો ઉપયોગ ફક્ત સગપણ કે સંબંધ જાણવા માટે કરવો એ વાત ભૂતકાળ બની જશે. વેબસાઈટને લીધે વસતિપત્રકની ઉપયોગીતા ખુબ જ નવાઈ પમાડે એવી વિવિધલક્ષી બાબતો માટે અસરકારક બની શકશે. ૧/૨/૫/૧૦ પેઢીઓ નહી પણ ૨૫/૩૦/૩૫ પેઢીઓનાં એકબીજાનાં સંબંધો/સગપણોનો વડલો ફક્ત સેકંડોમાં જ પ્રાપ્ત થઈ શકશે.

ઉપરાંત **વિસ્તાર/ગામ/અટક/કુટુંબ પરિવારના** વિવિધ જાણકારીઓની વસતિપત્રકો કે લગ્ન કે શુભકાર્યોની આમંત્રણપત્રિકાની યાદીઓ માટે માહિતીઓ ફક્ત સેકંડોમાં જ ઉપલબ્ધ થઈ શકશે.

જેની નોંધણી વસતિપત્રકમાં નહી હોય, તેમનાં નામો કે માહિતી તે તે યાદીમાં ઉપલબ્ધ નહિં થાય અને તે અંગે જવાબદારી પણ તે તે વ્યક્તિઓની જ રહેશે.

હવે જ્યારે સમસ્ત જ્ઞાતિનાં બધા સભ્યોની નોંધણીબુક તરીકે વસતિપત્રક બની રહ્યું છે ત્યારે જ્ઞાતિજનની માહિતીઓ મોકલવાની જવાબદારી પણ દરેક જ્ઞાતિજનની પોતાની જ ગણાય.

માટે હવે ઉપરોક્ત સર્વે ૨૨૬૯ જ્ઞાતિજનોને નમ્ર અપીલ છે કે તાત્કાલિક રીતે આપશ્રીનાં ફોર્મ વસતીપત્રક સમિતિ પર મોકલાવશોજી. ખુબ જ ટૂંક સમયમાં અમે હવે ફોર્મ લેવાનું બંધ કરવાના હોઈ આપશ્રીના સાથ અને સહકારની અપેક્ષા રાખીએ છે. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ અંગે વસતીપત્રક સમિતિની રવિવાર તા. ૧૦.૩.૧૩ની સભામાં નિર્ણય લેવાશે.

પરદેશમાં રહેતા જ્ઞાતિજનોનાં ભારતનાં સગાવહાલાઓને પણ ખાસ ભલામણ છે કે તેઓનો સંપર્ક કરી આપશ્રી તાત્કાલીક રીતે ઈમેલ પર, ભરેલા ફોર્મ અમને મોકલાવો અને અમને તેમનાં સંપર્કસૂત્રો જણાવશો તો સમિતિના કાર્યાલયથી પણ સંપર્ક કરશું.

સમસ્ત જ્ઞાતિનાં સર્વે જ્ઞાતિમહાજનો, સંસ્થાઓ, મંડળો વગેરેને નમ્ર અપીલ કે આપશ્રીનાં સર્વે પદાધિકારીઓ તથા તેમની સંપર્ક માહિતીઓ મોકલાવશોજી જેથી તે છાપી શકાય.

આપશ્રીનાં સાથ અને સહકારની અપેક્ષા સાથે,

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ વતી**

માનદ્ મંત્રી - **વિનોદ ધુલ્લા (મો. 9820122366)** ના જય જિનેન્દ્ર

સંપર્ક : **રમેશ મોતા**-09819655259 ● **ડુંગરશી મૈશેરી**-08898277766

કાર્યાલય સંપર્ક : 9920855259/7208000833/9619343793/8655212411

Email : kdovasti@gmail.com

# કચ્છીઓનું ગૌરવ : ભાતબજારના ફુવારાની દુર્દશા

ગ્લોબ્લાઈઝેશનના-વિશ્વ એકીકરણના આ યુગમાં પણ આપણને કચ્છી હોવાનું ગૌરવ છે. ગૌરવ એટલા માટે છે કે કચ્છીઓ પાસે સાહસ અને જિંદાદીલીનો ઈતિહાસ છે. જીવન જીવવાની કળા તેઓ જાણે છે. જૈન દશા કે વિસા ઓસવાલ, ભાટિયા, પટેલ, ભાનુશાળી, મેમણ, ખોજા કોઈ પણ જાતિ કે જ્ઞાતિના કચ્છીઓ આજથી પોણા બસો વરસ પહેલાં વહાણોમાં બેસી કચ્છની ક્ષિતિજ પાર કરતાં તોફાની સમંદરની સાહસિક યાત્રા કરવા એકલા નીકળી પડેલા. અરબસ્તાન, આફ્રિકા, એશિયાના અજાણ્યા દેશોમાં સ્વમાનથી ભવિષ્ય નિર્માણ કરવા પોતાના પડાવ કચ્છીઓએ ત્યાં નાખ્યા. આમાંનું એક પડાવ મુંબઈ પણ હતું.

આવા જવાંમર્દોમાંના એક હતા કચ્છ કોઠારાના દશા ઓશવાલ જૈન નવજવાન **કેશવજી નાયક.** પાંચ વરસની કિશોર વયે કેશવજીએ પોતાના પિતા ગુમાવ્યા. વિધવા માતાએ હમાલી કરી એનો ઉછેર કર્યો. વહાણની કપરી સફર કરતાં એ મુંબઈ પહોંચ્યો. કેશવજીએ મસકમાં પાણી ભરી મુંબઈની ગોદીમાં કામ કરતાં લોકોની તરસ બુઝાવવાનું કામ કર્યું. મજૂરી પણ કરી. એમની વાત આપણે આગળ કરીએ તે પહેલા જાણી લઈએ કે આજથી દોઢસો વરસ પહેલા મુંબઈનું ભાતબજાર કેવું હતું? આ કેશવજીએ શું કર્યું?

જાણવા જેવો એનો રસિક ઈતિહાસ છે. આધારભૂત નોંધ પ્રમાણે ૧૮૭૦માં મુંબઈની વસ્તી માત્ર ૧૩૭૨૬ની હતી. આજની મુંબઈની ત્રણ બાર ડબ્બાવાળી લોકલ ટ્રેનમાં સમાઈ જાય તેટલી અને એનો વિસ્તાર માત્ર લગભગ ૪૦ વર્ગ કિલો મીટર જેટલો-કોલાબાથી મજગામ અને વરલી પરેલ સુધીનો. સાત ટાપુઓવાળી મુંબઈ. ચારે બાજુ પાણી જ પાણી. અંગ્રેજોની સત્તા. ઈંગ્લેંડની કાપડની મિલો માન્ચેસ્ટરમાં ધમધમે અને એનું કાપડ દુનિયામાં વેચાય. પણ મિલો માટે રૂ જાય ઈન્ડિયાથી. આપણું રૂ ત્યાં જાય ને કાપડ બને ઈંગ્લેન્ડમાં અને પાછું વેચાય ભારતમાં. ૧૮૬૦માં રૂનો વ્યાપાર ૧૭ કરોડ રૂપિયાથી વધીને ૫૧ કરોડનો થયો. આ વ્યાપારમાં ને માલની આવજાવમાં મુંબઈ બની ગઈ ઈન્ડિયાની આર્થિક રાજધાની. દાણાબંદર અને ભાતબજાર અનાજના વેપાર માટે ખૂબ મહત્ત્વનું કેન્દ્ર બની ગયું. દેશ-પરદેશનો વેપાર અહીંથી થાય. માનવીની પાયાની જરૂરત રોટી, કપડાં અને મકાન, રોટી બનાવવા અનાજ જોઈએ. બાહોશ કચ્છીઓએ આ રહસ્ય જાણી લીધું અને દેશ-પરદેશનો અનાજનો વેપાર પોતાના હસ્તક કરી લીધો. પેઢીઓ ઉભી થઈ. આવી એક પેઢી શેઠ શિવજી નેણશીની, બાહોશીથી વહીવટ કર્યો અને એ પેઢીના હર્તા-કર્તા બની ગયા શેઠ શ્રી કેશવજી નાયક. વટદાર લાંબી મૂછો, ચાંચવાળી મોભાવાળી લાલ પાઘડી, ભરાવદાર દેહ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ એ કેશવજી નાયક શેઠની ઓળખ બની ગઈ. આખી મુંબઈમાં ચાર ઘોડાવાળી બગી માત્ર બે જણા પાસે હતી. એક જમશેદજી જીજીભાઈ અને બીજા શેઠ કેશવજી નાયક પાસે. પોતાના નિવાસ દાણાબંદરથી ભાતબજાર બગીમાં બેસીને શેઠ નીકળતા ત્યારે લોકો એમને જોવા ઊભા રહેતા,

ચિંચબંદર અને દાણાબજારની વચ્ચે આવેલ આ ભાતબજારમાં ધરખમ વેપાર થતો. બળદગાડીઓમાં માલની આવ-જાવ થતી. બિચારા બળદો માટે પાણીના અવાડાની અને તરસ્યા લોકોને પાણીની પરબની જરૂર હતી. જૈન ધર્મના સંસ્કાર પામેલા અછત અને ગરીબીમાં ઉછરેલા કરુણાથી છલકાતા હૃદયના કેશવજી શેઠે નક્કી કર્યું કે જે ગોદીમાં પાણી પાઈને અનેક તરસ્યા લોકોના આશીર્વાદ મેળવી મેં મારી આ સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે તો એમનું ઋણ ભાતબજારમાં એક સુંદર કલાત્મક ફુવારો બનાવી એમને હું અર્પણ કરું.

ઓગણીસમી સદીમાં ઈંગ્લેન્ડમાં સ્થાપત્ય કલાની અનેક શૈલીમાં ભવ્ય ઈમારતો બની. ૧૮૨૦થી ૧૮૯૦ સુધીના સમયના અંગ્રેજ શાસનકાળમાં અનેક કલાત્મક સુંદર વિવિધ શૈલીઓમાં મુંબઈમાં પણ ઈમારતો બની. ૧૮૩૧મા મહાલક્ષ્મી મંદિર, ૧૮૩૩માં ટાઉન હોલ, ૧૮૬૪માં રૂપિયા ૪૭૦૦૦ના ખર્ચે ફ્લોરા ફાઉંટન, ૧૮૬૯ ક્રાફર્ડ માર્કેટ, ૧૮૭૮માં બોમ્બે હાઈકોર્ટ અને રાજાબાઈ ટાવર. શેઠ કેશવજી નાયકનો ભાતબજારનો ફુવારો ૧૮૭૬માં રૂપિયા ૨૭,૦૦૦ના ખર્ચે અને શેઠ ક્રસેતજી માણેકજીનું 'ખડા પારસી'નું પુતળું ભાયખલામાં


**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

*આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

એ જ અરસામાં રૂપિયા ૨૭,૦૦૦ના ખર્ચે બન્યું. ફ્લોરાદેવીને શોભાવતી ફ્લોરા ફાઉંટનની ભવ્યતા હજી લગભગ એવી છે, જો કે એના ફુવારા કામ નથી કરતા અને ખૂબ શેવાળ છે, અમુક રીપેરીંગ માંગી લે છે. એનો ખર્ચ ભાતબજારના ફુવારા કરતાં બમણો હતો. આમાંના મોટા ભાગની ઈમારતો કિંમતી વારસા, (હેરીટેજ બિલ્ડીંગ) તરીકે ગણાય છે. કમભાગ્યે કચ્છનું ગૌરવ અને કચ્છીઓનો આ કિંમતી વારસો કોઈના લીસ્ટમાં નથી. લાગે છે ત્યાં કરોડોનો વેપાર કરતા અને નિવાસ કરતા કચ્છી માડુઓના લિસ્ટમાં પણ નથી!

ફુવારો બંધાવવામાં શેઠ કેશવજી નાયકે ૨૭,૦૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો તે એ જમાનામાં ઠીક માતબર રકમ હતી. ેની ઉદ્‌ઘાટન વિધિ તે વખતના મુંબઈના ગવર્નર સર. ફિલિપ એડમંડ વોડહાઉસના હસ્તે દબદબાપુર્વક તા. ૮મી જાન્યુઆરી ૧૮૭૬માં થઈ. એની ડીઝાઈનના મ્યુનિસિપલ ઈજનેર આર. જી. વોલ્ટન હતા. ફુવારાનું સ્થાપત્ય એક કલાત્મક દેવાલય જેવું છે. ઘુમટમાં મોર અને હાથીની સુંદર કોતરણી છે. સદ્‌ભાગ્યે હજી સમય આપતું જીવી રહેલું મોટું ઘડિયાળ છે. શેઠ કેશવજી નાયકની ઉભરેલી નાની રંગીન પ્રતિમા છે. કાળા પથ્થરની નંદીની મનોહર મૂર્તિઓ છે. આ ફુવારો એટલે મહત્ત્વનું લેન્ડમાર્ક. આસપાસની બધી બિલ્ડીંગના સરનામામાં એનો ઉલ્લેખ થાય. સન ૧૯૪૪ના બાજુની ગોદીના ભયંકર ધડાકાની હોનારતમાં ફુવારાની સામેની ગોદી તરફની બિલ્ડીંગોને ઘણું નુકસાન થયું પણ પુણ્યશાળી ફુવારો બચી ગયો. આ લખનારે પોતાનું શૈશવકાળ ફુવારાની પાસે જ વિતાવ્યું હતું. એનો રૂઆબ જોયો છે. હાલ એ દયનીય સ્થિતિમાં છે. ચારે તરફ અંદર અને બહાર એના પર આક્રમણ થઈ રહ્યું છે. એની અંદર ખીલાઓ ઠોકાયા છે ને એનાં આધારે રસીઓ બાંધી કપડાં સુકાવાય છે. કેલેન્ડર અને સુંદરીઓના ફોટા લટકે છે. પોલિટીકલ અને ધાર્મિક બેનરના પોસ્ટર ટાંગવાનું જાહેરસ્થળ બની ગયું છે. નીચે એની દિવાલોની સાથે એક તરફ ચાની અને બીજી બાજુ અનેક પ્લાસ્ટિક પાઉચ લટકાવેલ પરચૂરણની દુકાન છે. ઘુમટ ઉપર પીપળાના નાના ઝાડો બેદરકારીની ચાડી ખાતા ઊગ્યાં છે. પાણીના પીપડાઓ ઉપર મુકાયા છે. પાણીનો પરબ હજી કોઈ ટ્રસ્ટ ચલાવે છે. ને તરસ્યાની પ્યાસ બુઝાવે છે. બાજચુમાં સુધરાઈની જૂની થયેલી ગંદી મુતરડીની સગવડ છે. સુકા અવાડા હજી છે પણ હવે બળદ રહ્યા નથી. આમ તેમ બસ ખટારા અને હાથગાડીઓ દેખાય છે. કચ્છી જૈન દશા અને વિસા મહાજનોની શોભા અહીં હવે નજરે નથી ચડતી.

ખડા પારસીની હાલત ભાતબજારના ફુવારા જેવી છે. ફ્લોરા ફાઉન્ટન અને ખડા પારસીની હાલત ઠીક કરવા મુંબઈની સુધરાઈએ અનુક્રમે દોઢ કરોડ અને સવા કરોડ મંજુર કર્યા છે. ખડા પારસીને સુધારવાનું કામ સુધરાઈએ શરૂ કરી દીધું છે. ફ્લોરા દેવીનો વારો થોડા મહિનમાં આવશે. હજી પણ ભાત બજારમાં કરોડોનો વેપાર થાય છે. ફુવારાની વર્તમાન દુર્દશા સુધારવા બન્ને મહાજનોએ, ટ્રસ્ટીઓએ, વેપારીઓએ અને ત્યાંના રહેવાસીઓએ સુધરાઈ અને રાજકારણીઓને જગાડવા પડશે. હેરીટેજ લિસ્ટમાં નામ નોંધાવવા માટેની મહેનત કરવી પડશે. ૧૩૭ વરસનો કચ્છીઓનો આ ગૌરવશાળી વારસો બચાવવો પડશે. આપણા વડીલોની આ જીવંત ઈમારતને અખંડ રાખવી પડશે.

ફ્લોરા ફાઉંટનની ફ્લોરાદેવીની પ્રશસ્તિમાં ગુજરાતીના આપણા વિદ્વાન કવિ શ્રી નિરંજન ભગતે ભાવવાહિક કવિતા લખે છે.

પણ આપણા ભાતબજારના ફુવારા માટે હાલ તો આ દુખાન્તિકા મનમાં ઉદ્‌ભવે છેઃ

*'દેખ તેરે ફુવારે કી હાલત ક્યા હો ગઈ કેશવ દાતાર,*
*કિતના બદલ ગયા ભાતબજાર!*
*કબ સુધરેગા ભાતબજાર ?*

**- માણેક એમ સંગોઈ**

*('પગદંડી' માંથી સાભાર)*

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160 x 111 mm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77 x 111 mm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | ૩૫૦ |

## સુચના

પ્ર.સ. નું નાણાંકીય વર્ષ માર્ચમાં પૂરું થાય છે. જેમના પણ જા.ખ. બીલો બાકી હોય તેમણે તુરંત સંપર્ક કરી પેમેન્ટ મોકલી આપવા વિનંતી છે જેથી સંસ્થાને હિસાબો સમયસર જાળવવા સુવિધા રહે.

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- એપ્રિલ'૧૩થી શરૂ થાય છે. પ્ર.સ. લવાજમ માનદ્ પ્રતિનિધિઓ પાસે અથવા કાર્યાલયે ભરી લેવા અપીલ છે. જે પ્રતિનિધિઓને લવાજમ રસીદબુક જોઈએ તો મંગાવી લેવી.

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિઃશુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દૃષ્ટિએ એમા વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૪૭૪ | ૪૭૫ | ૪૭૬ | ૪૭૭ | ૪૭૮ | ૪૭૯ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | સ્ત્રી |
| ૨ | નુખ/અટક/ઓળખ | દંડ | નાગડા | મૈશેરી | સોની | ધરમશી | સાંયા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૧.૪.૮૩ | ૩.૯.૮૩ | ૯.૧૧.૮૭ | ૫.૧૧.૭૯ | ૧૭.૯.૮૫ | ૨૭.૪.૯૦ |
| ૫ | વય (વર્ષ) | ૩૦ | ૨૮ | ૨૬ | ૩૩ | ૨૭ | ૨૨ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૫" | ૫'-૧" | ૫'-૩" | ૫'-૮" | ૫'-૪" | ૫'-૨" |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૫૫ | ૬૦ | ૪૫ | ૭૨ | ૫૪ | ૬૦ |
| ૮ | વર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | BBA,MBA(Fin.) | B.Com. | M.A. | B.Sc. | B.Com.NCFM | B.Com. |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી | નોકરી | ટીચર/ ક્લાસીસ | નોકરી | નોકરી (ફોરેન બેંક) | નોકરી |
| ૧૧ | હાલ ગામ | પુના | ભુજ | રાજકોટ | વાપી | મુંબઈ | અમદાવાદ |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | - | ૧૮૦૦૦ | ૧૫૦૦૦ | ૧૦૦૦૦ | ૩૦૦૦૦ | ૮૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | પરસ્પર સંમતિથી છુટાછેડા લઈ પત્નીએ દીક્ષા લીધી | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | હા | હા | હા | ના | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે? | નથી | નથી | નથી | નથી | હળવો મંગળ | મંગળ |
| ૧૭ | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે પસંદગી/અપેક્ષા | મિલનસાર | સુશીલ/સંસ્કારી | મિલનસાર સુશિક્ષિત | સંસ્કારી સુશિક્ષિત | સુશીલ સંસ્કારી મિલનસાર | સંસ્કારી મિલનસાર |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | સંસ્કારી | મિલનસાર ઘર સંભાળે તેવી | સંસ્કારી સુશીલ પરિવારપ્રેમી | ઘર સંભાળે તેવી | મિલનસાર | સરળ પરિવારપ્રેમી બહારગામ ચાલે |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ :__________ ઉમેદવારનું નામ :__________

સરનામું :__________

__________ ફોન :__________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક :__________ સહી :__________

## ઝુકી તો જવાય ને!

# મહિલા ડે ના મહેંદીના મહારાણી



ઘરનાં લગ્ન પ્રસંગે કેટરીંગ શ્રી મણીકાંતભાઈ ધુલ્લાનું પ્રતાપ એક્સ્લેંસી હોય તો વટ પડે! તેમ કોડભરી કન્યાની 'મહેંદી રસમ' વીણા નાગડાની હોય તો તે ઘરનું ઐશ્વર્ય પાધરું થાય! તેમજ ઘરની મહિલાઓમાં ઉત્સાહના તરંગો ફેલાઈ જાય. આજથી ૩૫-૪૦ વરસો અગાઉ લગ્ન પ્રસંગે મહિલાઓ માટે ફુલોની વેણી-ગજરા મંગાવવામાં આવતા. મહેંદી તો ભાગ્યેજ ક્યાંય મૂકાતી. ત્યારે દાંડીયારાસ કે ગરબા ન હોય તો લગ્ન અધુરા સમજાતા. હવે દાંડીયા ગયા પણ મહેંદી ના હોય તો અધુરું લાગે! સામાન્ય ઘરની કન્યા પણ મહેંદી કે બ્યુટીશીયન માટે રૂા. ૨,૦૦૦ થી રૂા. ૫૦૦૦ તો સહેજે ખરચતી હોય છે! એ આશ્ચર્ય વીણા બહેનના નામે!

વીણા નાગડાનું નામ બોલાયને હાથે-પગે મહેંદીના ક્યારા ઉગી નીકળે. મહેંદી સાધનાના સંગીન મુકામે પહોંચવા એમણે કોઈ કસર છોડી નથી. મહેંદી રચનાએ વીણા બહેનનું પોતીકુ સંવેદન છે. એ કળાનો એમણે ઉગીને ઉગાડ કર્યો છે. મહેંદીની વિકાસ-યાત્રા ગતિશીલ રાખતા સફળતા એમના ચરણો ચુમે છે. કલાદેવીએ એમના લલાટે પ્રેમાભિષેકનો પૂર્ણ કળશ ઢોળતા મસ્જીદબંદરના ઉંબરેથી 'અનંતના ઉંબરે' સફર ખેડી છે. એ એક એવા કસબી કે એમની મહેંદીના કોનને આંગળીઓ સ્પર્શ કરે ને કન્યાના દલડે છમલીલી અનુભૂતીએ રોમાંચની રંગોળીઓ પૂરાઈ જાય. સ્ફૂર્તીએ હાથ ફરેને વિશિષ્ટ પ્રકારના વેલ, બુટ્ટા, ફુલ, કળીઓ, કળા કરતા મોરલા ઢેલ, પક્ષીઓ નૃત્યાંગનાઓ, ઢોલ-શરણાઈ, દુલ્હા-દુલ્હન, નગારા, સાથિયા, ધબકતાં દલડાં અને દિવ્ય દિવડા પ્રગટે. જેમના હાથે મહેંદી મૂકાય એમને ઉત્સાહની અનુભૂતી થાય. C.D., V.D. DVD સાથે ફોટા ખેંચાય.અરે એ વરસો સુધી જોવાય. મહેંદીએ રૂપરંગનો નિખાર ઉભરે. અન્યોથી અલગ તરી આવે. એમની સુઝ-બુઝ અને સમજ સાથે ચૈતન્યશીલ હાજરીએ રંગતના રાસડા લેવાય. એમની કલ્પનાની અલૌકિક ઉડાન!

રૂા. ૧૦નું કોન પણ કમાઈ, રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ અને વધીને વાઉ.ઉ..ઉ... થઈ જવાય. અરે, હવે તો લગ્ને આકર્ષક મહેંદી ઘરેણું સમજાય છે. દિલ્હીના પરિવારો તો એમની કન્યાના હાથે વીણા નાગડાની મહેંદીને સુકનનું ગુડલક સમજે. એ લગ્ન ચીરંજીવ બનશેજ એવી શ્રદ્ધા! મા સરસ્વતીની વીણા, વીણા બહેનના લલાટે વીણા વાદન કરતાં તેઓશ્રી ટેલીવુડ, બોલીવુડ, અંબાણી પરિવાર, વીડીઓ કોન, ટાટા, બીરલા, લક્ષ્મી મીત્તલ, પાલનપુરી ઝવેરીઓ, કમીશ્નરો સહ યુરોપીય દેશો સહ ધુરંધર પરિવારોમાં મહેંદી મૂકવા ભાગ્યશાળી થયા છે! કેવું સદ્‌ભાગ્ય?

ડાયમંડ કીંગ ભરત શાહ તેમજ વિજય શાહના દિકરા દિકરીના લગ્ન બેલ્જીયમમાં મોટા મહેલો કે મેદાનોમાં યોજાય પણ મહેંદી રસમ તો ઘરમાં જ. તે પણ વીણા બહેનના હાથે જ. જ્ઞાતિમાં વિશિષ્ટ લગ્નો કદાચ વીણા બહેને આ મહેંદી કલાએ માણ્યા છે.

એમના પિતા શ્રી ખીમજી લખમશી મોમાયા અનંતનાથ જિનાલયના વરસો સુધીના વફાદાર પૂજારી. હરામનું ના લે, ના વાપરે, ના માગે. સ્વમાની જીવ. તેથી વીણાબહેન ઉચ્ચ શિક્ષણે અપૂર્ણ રહ્યા. પણ આ કળાના કૌશલ્યે કામયાબ રહ્યા. મુંબઈનું કોઈ પરું એવું નહીં હોય જ્યાં એ એમના કરતબે પાંચ-પચ્ચીશ મહિલાઓ સ્વમાનનો રોટલો રળતા ન હોય! હજારો મહિલાઓ પારંગત થઈ થોડા કલાકની મહેનતે પિયરીએ અને સાસરીયે પગભર થઈ છે. એ એમને આભારી. વીણાબહેન જેવું પ્રસન્ન મુખ હોય, ગાલે ખંજન હોય, બોબકટ વાળ, કાને લટકતા લટકણીયા હોય. ઓફિસની જરૂરત નહીં, રકમનું રોકાણ નહીં, આગવી છટા હોય, કલાની સૂઝ હોય, પત્યું. મહેંદી ચાલે. ચાલે સાથે દોડે. કલા પારખુઓ એમને **"મહેંદી ક્વીન"** તરીકે નવાજે છે. એમનું આ પ્રેરણા સ્ત્રોત કળાજગતનું નજરાણું ઠર્યું છે. તરૂથી તાજ સુધીની મહેંદીકળાએ વીણા બહેનના આકાશી ઉડાને સિદ્ધ કર્યું છે કે મહિલા દે (ડે), લે... નહીં. બે સંતાનોને ગ્રેજ્યુએટ કરી, ઘરને સંપન્ન કરી, માન, પાન અને ચાંદે ચમકેલા વીણા બહેનની મહેંદી કલાએ ઝૂકી તો જવાય ને?

**- લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ)-09146465151**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## 'અનંતછાયા' પ્રકરણ હાઈકોર્ટમાં

ચેરીટી કમીશ્નરે 'અનંતછાયા'નું વેચાણ કરવા આપેલ મંજુરીને પડકારતી અરજીઓ વિરોધકર્તા પક્ષકારો ડૉ. લક્ષ્મી ચંદ્રહાસ ખોના અને ચંદ્રસેન હીરાચંદ મોમાયા દ્વારા મુંબઈ હાઈકોર્ટમાં અલગ અલગ રીતે દાખલ કરવામાં આવી છે તેવી આધારભૂત માહિતી મળી છે. આ પહેલાં ટ્રસ્ટ તરફથી તેમજ પ્રસ્તાવિત ડેવલપર મે. કીલેન્ડ ડેવલપર દ્વારા પણ અલગ અલગ કેવીયેટ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આમ ટૂંક સમયમાં ઉક્ત અરજીઓની, એડમીશન માટે અને ચેરીટી કમીશ્નરના ચૂકાદા સામે સ્ટે મેળવવા કે સ્ટેટસ કો (જૈસે થે)ના હુકમ મેળવવા ઈત્યાદિ મુદ્દાઓ પરની સુનાવણી મુંબઈ હાઈકોર્ટમાં સંભવતઃ મોડામાં મોડી ૨૨ માર્ચ પહેલાં થશે.

## કચ્છમાં કચ્છી-ગુજરાતીનું ક્રિયાશીલ સંમિશ્રણ છે

ડૉ. ધીરેન્દ્ર મહેતાના સર્જનમાં નારી સંવેદના આધુનિક અભિગમની સાથે માનવ સંવેદનાની સુક્ષ્મતા પણ અભિવ્યક્ત પામી છે. એમ ગુજરાતી સાહિત્યના સમર્થ કચ્છી સર્જક ડૉ. ધીરેન્દ્રભાઈને ગુજરાતી સાહિત્ય સભા તરફથી જાહેર કરાયેલો રણજિતરામ સુવર્ણચંદ્રક જાણીતા સર્જક ડૉ. કુમારપાળ દેસાઈના હાથે તાજેતરમાં એનાયત કરાયો ત્યારે વિવિધ સર્જકોએ તેમની સર્જનશૈલીને બિરજાવતાં જણાવ્યું હતું.

આ પ્રસંગે એમની નવલકથાઓનું મૂલ્યાંકન કરતાં ડૉ. રઘુવીર ચૌધરીએ એમની નવલકથાઓમાં રહેલા વિષય વૈવિધ્યની માનવ સંવેદનની, એની ભાષાની વિસ્તૃત છણાવટ કરી હતી તેમજ 'ચિહ્ન', 'છાવણી' અને 'દિશાંતર' ને વિશેષ રીતે યાદ કરી હતી. તેમની વાર્તાઓની ખૂબીઓને પણ તેમણે ઝીણવટથી ચર્ચી હતી.

ડૉ. ધીરેન્દ્ર મહેતાના વાર્તાકાર, કવિ, સંપાદક, વિવેચક, સંશોધક અને અધ્યાપક તરીકેના પાસાંઓની સવિગત છણાવટ કરતાં ડૉ. દર્શના ધોળકિયાએ તેમની વાર્તાઓમાં ચૂનીલાલ, મડિયા અને જયંતી દલાલ કરતાં આગવાપણું હોવાનું જણાવી તેમની વાર્તાઓમાં નારી સંવેદન છે. આધુનિક અભિગમ છે. તેમજ માનવ સંવેદનની સૂક્ષ્મતા અભિવ્યક્તિ પામી હોવાની વાત કરી હતી. તેમના સંપાદનોમાં તેમણે ડૉ. ખત્રી, વનુભાઈ, સુકાની જેવા પૂર્વજોની કૃતિઓને સાચવીને પ્રદેશને એક વંશજને અર્ધ્ય ધર્યો છે.

એવોર્ડનો સ્વીકાર કરતાં ડૉ. મહેતાએ રણજિતરામનો વ્યાપક પરિચય કરાવીને ઉચિત રીતે આ એવોર્ડનો મહિમા કર્યો હતો. તેમના અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનમાં તેમને માતૃભાષાનું સંવર્ધન કરવા અંગે મૌલક ચિંતન રજૂ કર્યું છે. કચ્છી સાહિત્યની ચર્ચા કરતાં ડૉ. મહેતાએ જણાવ્યું હતું કે, કચ્છમાં કચ્છી અને ગુજરાતીનું અંતર્ગત અને સતત ક્રિયાશીલ સંમિશ્રણ છે. એણે આ બૃહદ ભાષા પ્રદેશમાં ભાષાનું એક વિલક્ષણ રૂપ ઊભું કર્યું છે. એને આપણે 'કચ્છી ગુજરાતી' એવું નામ આપી શકીએ. આ ભાષા સ્વરૂપ પર કચ્છીમાડુના વ્યક્તિત્વની મુદ્રા અંકિત થયેલી છે. એના ઉન્મેષો ગુજરાત ભાષાની અભિવ્યક્તિ ક્ષમતા વધારી શકે એમ છે. હું એને 'અશુદ્ધ ગુજરાતી' ગણીને અવગણી શકતો નથી. નવલકથામાં, વાર્તામાં અને કવિતામાં યથાવકાશ એનો વિનિયોગ એમણે કર્યો હોવાનું જણાવી કચ્છી ગુજરાતી ભાષાની લાક્ષણિકતાઓ ચર્ચી હતી.ડૉ. કુમારપાળ દેસાઈએ ડૉ. મહેતાને ચંદ્રક અર્પણ કરી એમનું અભિવાદન કરતાં એમની સર્જનયાત્રાને બિરદાવી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમહાજન-બાયઠ

બાયઠવાસી જ્ઞાતિજનો તથા નિયાણી બહેનોનું સ્નેહમિલન શ્રી ઠાકરશી મેઘજી ગોસર તથા શ્રી રમેશ તેજશી છેડાની આગેવાની હેઠળ રવિવાર તા. ૨૪.૨.૧૩ના સાંજના ૪ થી ૧૦માં શેઠશ્રી નરશી નાથા સભાગૃહ ભાંડુપમાં યોજાયેલ. સ્નેહમિલનના સૌજન્યદાતા માતુશ્રી મમુબાઈ નરશી લધાભાઈ પોલડીયા પરિવાર હતા.

સૌ પ્રથમ સૌજન્યદાતાશ્રી તેમજ ઠાકરશીભાઈ તથા શ્રી રમેશભાઈ તથા શ્રી દેવજી માણેક ગોસરે દીપ પ્રાગટ્ય કરાવી સ્નેહમિલનની શુભ શરૂઆત કરેલ. શ્રી ઠાકરશીએ સૌનું સ્વાગત કરેલ. દાતા પરિવારનું બહુમાન થયેલ. ગામના ભાઈઓ તથા બહેનોએ પોતાના વિચારો રજુ કર્યા હતા. ગામમાં થતી પ્રવૃત્તિઓને બીરદાવવામાં આવેલ. સર્વ સાધારણ ફંડ ત્થા અન્ય ફાળાઓ સારી રીતે થયેલ.

શ્રી કેતુલ વીરચંદ પોલડીયાના જહેમતે કલાકાર

શ્રીએ કાર્યક્રમમાં જાદુના પ્રયોગો રજુ કર્યા હતા. કલાકારનું બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન રાસ-ગરબાઓની રમઝટ શ્રી રાજુભાઈ ઢોલીના સથવારે સુંદર રીતે થયેલ.

શ્રી નવીન ધુલ્લા તેમજ શ્રીમતી દિપ્તીબેન અનિલ ધરમશીએ પોતાના વિચારો રજુ કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ટીના રાજેન્દ્ર પોલડીયાએ આગવી શૈલીમાં કરેલ. પધારેલ સર્વે ગામાઈઓ તથા નિયાણી બહેનોના પરિવારોએ સાર્ધમિક ભક્તિનો લાભ આપેલ. સર્વશ્રી યોગેશ પટેલ, જગદીશ દંડ, જગદીશ ગોસર, ધનરાજ પોલડીયા, ગુલાબ પોલડીયા, નરેન્દ્ર પોલડીયા, વિપુલ પોલડીયા, કેતન પોલડીયા વગેરેએ સારી જહેમતપૂર્વક વ્યવસ્થા સંભાળેલ.

## વિમલ દંડ-આકોલા

આપણી માતા-બહેનો અને નારીશક્તિ પર આજકાલ થઈ રહેલા અમાનુસી અત્યાચારો અને સંસ્કૃતિ ઉપર થઈ રહેલા હુમલાઓ વિષયે રાષ્ટ્રીય યુવાશક્તિ સંઘઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી વિમલ દંડ અને વિશ્વ હિંદુ પરિષદના ડૉ. શ્રી પ્રવિણ તોગડીયા. એ એક બેઠકમાં વિચારવિમર્શ કર્યો. ડૉ. પ્રવિણ તોગડીયા આકોલાની મુલાકાતે આવ્યા હતા.

સંસ્કૃતિની રક્ષા કેવી રીતે કરશું? આજે જ્યારે દરેક જણ ધંધા-ઉદ્યોગ-વેપાર કાર્યમાં વ્યસ્ત છે. રાજતંત્ર પણ સરીયામ નિષ્ફળ રહ્યું છે. અને આતંકવાદ અને કટ્ટરવાદનો વ્યાપ વધ્યો છે. ત્યારે ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવા દરેક રાષ્ટ્રવાદ યુવાશક્તિએ સજાગ રહેવું પડશે. એવો સંદેશ આ પ્રસંગે યુવાઓને પ્રેરક રહ્યો.

## પોલડીયા પરિવારનું સ્નેહમિલન

ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી અને ડુમરા (ગૌરંગબાલુડો)ના પોલડીયા પરિવારો અને તેની નિયાણી બહેનોનું સ્નેહમિલન અને કુળદેવીમાં આશાપુરા માતાજીની ચતુર્થ પહેડી તા. ૨૪.૨.૧૩ના દાતા શ્રી શીવજી નરશી પોલડીયા પરિવારના સૌજન્યથી શેઠશ્રી નરશી નાથા એ.સી. સભાગૃહમાં ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળ સંપન્ન થયેલ.

દાતા પરિવાર સાથે ગયા વરસના દાતા પરિવારના ઘેરથી પૂ. માતાજીને વાજતેગાજતે મધુબન ગાર્ડન પાસે લઈ આવેલ. ત્યાંથી વાજતેગાજતે ભાવિકોના સંઘ સાથે અનંતસિધ્ધિમાં હોલમાં લાવેલ. પૂ. માતાજીનું અનેરૂં સ્વાગત થયેલ.

ગોર મહારાજ શ્રી હીરાલાલભાઈના માર્ગદર્શને દાતા પરિવારે ભાવપૂર્વક પૂજનવિધિ કરેલ. સંગીતમય વાતાવરણમાં ભક્તિ ગીતોના સથવારે શ્રીમતી ચેતનાબેન હરીયા અને પાર્ટીએ ભક્તિભાવનાનું વાતાવરણ રચાયું હતું. લગભગ ૪૦૦ ભાવિકો આ પહેડીમાં પધારેલ.

આ પ્રસંગે શ્રી રાજેશ શીવજી પોલડીયા ઓસ્ટ્રેલીયાથી ખાસ પધાર્યા હતા. આ ઉપરાંત સર્વશ્રી છત્રપતી નરશી દંડ, વિનોદ ધુલ્લા, ચીમન મોતા, મૈશેરી પરિવારના આગેવાનો, ભલારાદાદાના ભૂવા શ્રી દિનેશભાઈ, લહેરચંદ વેલજી મૈશેરી, ઈશ્વરભાઈ ગુલાબચંદ શાહ, રમેશ મુલજી લોડાયા તેમજ મુંબઈ તથા દેશાવરના પોલડીયા પરિવારો તથા પરિવારની નિયાણી બહેનો, તથા બહારગામથી શ્રી નવીન જૈન, ગોવિંદજીભાઈ સોની, શ્રી દીપકભાઈ પોલડીયા પધારેલ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ટીના રાજેન્દ્ર પોલડીયાએ કરેલ.

નૈવેધ, થાળ તથા મહાઆરતી માતુશ્રી તારાબાઈ શીવજી નરશી પોલડીયા (બાયઠ) પરિવારે ભાવપૂર્વક કરેલ. શ્રી રમેશ મુલજી લોડાયાએ પોલડીયા પરિવારનો ઈતિહાસ સૌ સમક્ષ રજુ કરેલ. શ્રી વિનોદભાઈ ધુલ્લાએ આઠમા વસ્તીપત્રક બાબત સવિસ્તર રજુઆત કરેલ.

પહેડી કાર્યક્રમને શ્રધ્ધાભાવપૂર્વક સંગીતમય વાતાવરણમાં અનેરા ઉત્સાહથી સંપન્ન થયેલ. આભાર દર્શનશ્રી દીપકભાઈ પોલડીયાએ કરેલ. નિયાણી કન્યાઓને ભાવપૂર્વક બિરદાવવામાં આવેલ.

કાર્યક્રમની વ્યવસ્થામાં સર્વશ્રી દીપક પોલડીયા, યોગેશ પોલડીયા, ભરત પોલડીયા, વિપુલ પોલડીયા, ગુલાબ પોલડીયા, ધનરાજ પોલડીયા, હીરેન પોલડીયા, નરેન્દ્ર પોલડીયા, પંકજ પોલડીયા, કેતન પોલડીયા, કેતુલ પોલડીયા, શ્રી અજીત લોડાયા તેમજ સૌ ભાવિકોએ બહુજ સરસ રીતે સંભાળેલ.

પાંચમી પહેડીના દાતા માતુશ્રી વેલબાઈ વેરશી પોલડીયા, તેમજ માતુશ્રી રતનબાઈ વેલજી પોલડીયા


શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UKKHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH-416416 Tel. 2670910/2322057



શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

પરિવારોના નામોની જાહેરાત થઈ હતી. ૮મી પહેડી સુધીના નામ જાહેર થતાં હોલ તાળીઓથી ગુંજી ઉઠેલ. દાતાઓને હર્ષનાદોથી વધાવી લેવામાં આવેલ.

કાર્યક્રમ સુત્ર સંચાલન શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયાની આગેવાનીમાં શ્રદ્ધાપૂર્વક અનેરા આનંદ ઉત્સાહથી સંપન્ન થયેલ. તેમાં પહેડી પ્રસાદનો લાભ લીધેલ.

આગામી પહેડી તા. ૧૨.૧.૧૪ના યોજાશે.

## શ્રી ભલારાદાદા સ્થાનક-કુવાપધરે ધ્વજા મહોત્સવ

શ્રી ભલારાદાદા સ્થાનકે-કુવાપધરમાં ૧૫મા ધ્વજા મહોત્સવ પ્રસંગે લગભગ ૧૨૫ જણાં પધારેલ. સંઘ દ્વારા ભદ્રેશ્વર તીર્થે દેવદર્શન કરી નવકારશીનો લાભ લઈ ડોણમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથના દર્શન કરી દેઢિયા તીર્થે દેવ-દર્શન કરી સાધર્મિકભક્તિનો લાભ લઈ વરાડીયા તીર્થે દેવ-દર્શન કરી ચા-પાણીનો લાભ લઈ તેરા તીર્થે પધાર્યા. સાંજના ચોવિહારનો લાભ લઈને કુવાપધરમાં હનુમાનના લોટની ક્રિયા પતાવી. રાત્રે તેરામાં રોકાણ કર્યું. તા. ૨૩.૧૨.૧૨ના સવારના નવકારશી કરીને કુવાપધરે ધ્વજા મહોત્સવ ઉજવ્યો. બપોરના માતાના મઢ અને હાજીપીરની યાત્રા કરી. સાંજના શ્રી ભલારાદાદાનો પાઠ કરી, આ ધ્વજા મહોત્સવના દાતા મા. રાજબાઈ પદમશી મોતા હ. ભરતભાઈ (કુવાપધર-હૈદરાબાદ) પરિવારનું ઉમળકાભેર ઢોલના નાદે સન્માન કરવામાં આવ્યું. સંઘપતિ તરીકે શ્રી ભરતભાઈનું સન્માન કરાયેલ. ૧૬મા ધ્વજા મહોત્સવના સંપૂર્ણ પ્રવાસના દાતા તરીકે માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર (કુવાપધર-હૈદરાબાદ) હઃ શ્રીમતી મીનાબેન ગુલાબચંદ મોતા જાહેર થયેલ. સૌના સાથ-સહકારથી ભાવિકોએ શ્રદ્ધાભાવ ઉલ્લાસથી ધ્વજા મહોત્સવ ઉજવ્યો.

## કલકત્તા જૈન મહિલા મંડળ

તા. ૪.૧૧.૧૨ના મંડળનો વાર્ષિક કાર્યક્રમ રાખવામાં આવેલ. શ્રી પારસનાથ પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવેલ. મંગળદીવો અને શાંતિકળશનો લાભ મીરાબેન પ્રેમચંદભાઈ મોતાએ અને શાંતિકળશ ગુણવંતીબેન લક્ષ્મીચંદ લુઢિયા લીધેલ. ગાલીચાની પ્રભાવના કરવામાં આવેલ. ગુણવંતીબેન લુઠીયા, મીરાબેન મોતાનું ચાંદીના સિક્કાથી બહુમાન કરવામાં આવેલ. ગુણવંતીબેને મંડળને રૂા. ૫૦૧ ભેટ આપેલ. સૌ મેમ્બરોના ફેમિલી સાથે સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ.

તા. ૬.૧.૧૩ના સંઘ તરફથી પિકનીકનું આયોજન થયેલ. તા. ૨૪.૧૧.૧૨ના મંડળના ઉપક્રમે સ્નેહમિલન હતું. દિવાળીના અનુરૂપ તૈયાર થઈને આવવાનું હતું તેમના પ્રાઈઝ રતનબેન શાહ તરફથી રાખવામાં આવેલ. જેમાં મંજરી વીરા, દીપાલી મોતા, નીરા લાલકા, કૃતિકા ભુરિયા વિજયી થયા. અલ્પાહાર ભારતીબેન લાલકા તરફથી કરાવવામાં આવેલ. ગુણવંતીબેન તરફથી મંડળને રૂા. ૧૦૦૧ ભેટ મળેલ. તા. ૨૨.૧૨.૧૨ના મુંબઈથી પધારેલ દીક્ષાર્થી બહેનો રૂચીબેન અને નિરાલીબેનનું સંઘવતી તેમજ મહિલા મંડળવતી બહુમાન કરવામાં આવેલ.

તા. ૨.૨.૧૩ના મંડળમાં પુલાવની હરિફાઈ રાખવામાં આવેલ. નિર્ણાયક તરીકે કુસુમબેન પધારેલ. તેમનું ગાલીચાથી બહુમાન ભારતીબેન લાલકાએ કરેલ. વિજેતાઓ મંજરી વીરા, અવની શાહ, કલ્પના વીરા હતા. ત્યારબાદ અલ્પાહાર લઈ સહુ છૂટા પડ્યા. સ્મિતા શાહે પત્તાની ગેમ રમાડેલ.

તા. ૮.૨.૧૩ના જ્યોતિબેન ધુલ્લાની ઉપધાન તપની તપસ્યા નિમિત્તે તેમના ઘરે પૌત્રીના જન્મ ખુશાલી નિમિત્તે મંડળ તેમના ઘરે પધારેલ. જ્યોતિબેનનુ મંડળ વતી બહુમાન કરી તપસ્યાના ગીતોની રમઝટ માણી. અલ્પાહાર લઈ સહુ છુટ્ટા પડ્યા. મંડળને ૫૦૧ ભેટ મળેલ.

તા. ૨૮.૧.૧૩ના જયશ્રીબેન ખોનાના ઘરે તેમના માતુશ્રીના આત્મશ્રેયાર્થે જાપ રાખવામાં આવેલ મંડળ તે ૧૫.૨.૧૩ના જેવંતીબેન ગુલાબચંદભાઈ તરફથી પૂજા ભણાવવામાં આવેલ. મંડળને સાધર્મિક ભક્તિ કરાવી ૨૫૧ રૂા. મંડળને ભેટ આપેલ.

વસંતપંચમીના હિસાબે ડ્રેસ કોડ રાખવામાં આવેલ તેમાં સરલાબેન ખોના, મંદાબેન શાહ, સુશિલાબેન લાલકાને તેમના તરફથી પ્રાઈઝ આપવામાં આવેલ.

જ્ઞાન-દર્શન ચારિત્રમાં પણ તેમના તરફથી પ્રાઈઝ રાખવામાં આવેલ.

જ્ઞાન-મંજુલાબેન વીરા, દર્શન-ભારતીબેન લાલકા, સ્મિતાબેન શાહ, ચારિત્રમાં મંદાબેન શાહ આવ્યા. ધર્મની ચોપડી પેન બધાને પ્રભાવના કરેલ.

## મૈત્રીગ્રુપ-ઘાટકોપર

મૈત્રી ગ્રુપ-ઘાટકોપર સમાજની જરૂરતમંદ બહેનોને મદદરૂપ થવાની પ્રવૃત્તિ કરે છે. એમની નાનકડી કોશીશ કેટલાય કુટુંબને સારીરીતે મદદરૂપ થઈ છે. આજે તેમાંથી અમુક બહેનો આગળ વધીને બીજી જરૂરીયાતવાળી બહેનોને સ્વાવલંબી બનાવવા મદદ કરતી થઈ ગઈ છે.

નાના પાયે ટીપે ટીપે સરોવર ભરાયની જેમ કાર્ય થઈ રહ્યું છે. જેમકે ઘરની જુની વસ્તુ, રદ્દી પેપર વેંચી

તેની જમા થતી રકમ અને જુના કપડા, રમકડાં, દવાઈઓ વગેરે ચીજો જરૂરતમંદ વ્યક્તિને આપી મદદરૂપ થવાય છે. નાના માણસને મોટી રાહત મળે છે.

વિશ્વમહિલા દિનની ઉજવણી નિમિત્તે સર્વે બહેનોને આવી પ્રવૃત્તિઓમાં નાની બચતરૂપે સહભાગી થાય એવી અપીલ છે.

## શ્રી ક.દ.ઓ. એકતા મહિલામંડળ-ગાંધીધામ

મંડળ દ્વારા બહેનો માટે "કેક, બેક એન્ડ ચોકલેટ્સ" વાનગી સ્પર્ધાનું આયોજન થયેલ. આ સ્પર્ધામાં ૨૩ બહેનોએ ભાગ લઈ સ્વાદિષ્ટ, કલાત્મક સજાવટ સાથે વાનગી બનાવી ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સ્પર્ધા સાથે માઈક્રોવેવ વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન રાખવામાં આવેલ. આવકાર-પ્રમુખ શ્રીમતી નીનાબેન લાલકા, કાર્યક્રમનું સંચાલન-શ્રીમતી દિપ્તી ધરમશી દ્વારા કરવામાં આવ્યું હતું. ગીતાબહેને માઈક્રોવેવ કુકીંગની વિગતો તેમજ વાનગીઓ વિશે માહિતી આપી હતી. કેકની સ્પર્ધામાં પ્રથમ અશ્વિના નાગડા, દ્વિતીય શીતલ મોતા, તૃતીય વૈશાલી લાલકાએ ઈનામ મેળવ્યું. કુકીઝમાં પ્રથમ શીતલ મોતા, દ્વિતીય ઝરણા લાલકાએ ઈનામ મેળવ્યું. ચોકલેટ્સમાં પ્રથમ શીતલ મોતા અને દ્વિતીય બબિતા નાગડાએ ઈનામ મેળવ્યું.

મંડળની કારોબારીમાં ભાવિની દંડ, મૃદુલાબેન નાગડા, લીપા મૈશેરી, પદ્મિનીબેન નાગડા, લતાબેન નાગડા. કલ્પનાબેન મોતાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધી હતી. નિર્ણાયક તરીકે વલ્લરી ઠક્કર અને રૂચિકા થડાનીએ સેવા આપી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ચેન્નઈ

મહાજનશ્રીના ઉપક્રમે અત્રે તા. ૨૦.૧.૧૩ના શ્રીમતી સરલાબેન ગંગાજર મોમાયાના ઘરે શ્રી મહાકાળી માતાજીની ભાવના તથા દીક્ષાર્થી મુમુક્ષુ ગીતાબેન વિજય ગોસરના બહુમાનનો કાર્યક્રમ યોજાયેલ. સહુએ ભાવપુર્વક ભાવના ભણાવી કાર્યવાહક સમિતિનાં સભ્યો તેમજ વડીલોના હસ્તે મુમુક્ષુ ગીતાબેન તેમજ એના માતાપિતાનું બહુમાન કરાયું. શ્રીમતી જયશ્રીબેન પ્રફુલ મોતાએ દીક્ષાર્થીની ભાવના બીરદાવી અનુમોદના કરી યશસ્વી સંયમ જીવનની શુભેચ્છાઓ આપેલ. સકળ સંઘે દીક્ષાર્થી ગીતાબેનને અનુમોદના કરી અંતરની શુભેચ્છાઓ પાઠવી. બહુમાનનાં કાર્યક્રમ બાદ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. નીલમબેન ગંગાજર મોમાયાએ પધારેલ સૌ માટે આભારની લાગણી વ્યક્ત કરી. મહાજનશ્રી દ્વારા દીક્ષાર્થી બહુમાન કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો.

ડિસેમ્બરમાં મહાકાળીની ભાવના શ્રીમતી તરલાબેન કુમારપાળ અજાણીના ઘરે સારી ઉપસ્થિતિમાં ભણાવાઈ. ત્યારબાદ આગામી પ્રવૃત્તિઓ વિષે ચર્ચા વિચારણા થઈ. કાર્યક્રમ બાદ અણાથમીની સુંદર વ્યવસ્થા હતી. ચેતનાબેન અતુલ ડાઘાએ શ્રીમતી તરલાબેન અજાણી પરિવારનો આભાર માનેલ.

## જીવનસંધ્યા-ગદગ

શ્રી મેહુલ જ્યોતિષચંદ્ર શાહ (બેંગલોર) દ્વારા ઘર ઉપયોગી લગભગ ૧૫૦ જેટલી ચીજો જેમાં વાસણો, ટેબલ-ખુરશી, બાંકડા તથા અન્ય ઉપકરણો પોતાના ખર્ચે ૧૪ મોટાં બોક્ષ ભરીને જીવનસંધ્યાને દાન આપેલ છે. જેની સહેજે કિંમત રૂા.૩૦ હજાર આસપાસ થાય.

માત્ર મેહુલભાઈને સમાચાર મળેલ કે ગદગમાં 'જીવનસંધ્યા' નામની સંસ્થા છેલ્લા ૨૦ વર્ષથી વડિલોની સેવામાં પ્રવૃત્ત છે. તેમણે સામેથી સંસ્થાને ઘર ઉપયોગી ચીજો મોકલાવી આપેલ. આ ભેટ શાહ લાલચંદ પૂનમચંદ પરિવાર (કચ્છ-માંડવી) તરફથી ભેટ નોંધાવેલ છે. સંસ્થા દાતાની હાર્દિક આભારી છે. આ દાનના પ્રેરક શ્રી તારાચંદ લોડાયા (બેંગલોર) નો પણ આભાર મનાયેલ છે.

'જીવનસંધ્યા' હાલ ૨૪ સભ્યો લાભ લઈ રહ્યા છે. વધુ ૩૦ સભ્યોનો સમાવેશ કરી શકાય એ માટે વધુ બાંધકામ ચાલુ છે.

## અલ્પઈ દેરાસરે ધ્વજા વર્ષગાંઠ ઉજવણી

અત્રે મહા સુદ-૧૦ તા. ૨૦.૨.૧૩ના શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયની ૧૯મી વર્ષગાંઠ તથા ૨૦મો ધજા મહોત્સવ રૂડી રીતે ઊજવાયેલ.

ધજા ચડાવવાનો આદેશ શ્રી મણીલાલ શીવજી મૈશેરી (અલપઈ) એ ૨૦૦૧ મણમાં લીધેલ.

સવારની નવકારશી(કાયમી) શેઠ માનચંદ દિપચંદ લીબોન્દ્રીવાળા પરિવાર તરફથી તથા બપોરના સ્વામીવાત્સલ્ય (કાયમી) જમણ શેઠશ્રી શામજી નરશી કુરૂવા (કોચીન) તરફથી હતું.

સકળ સંઘે ખૂબજ ભાવપૂર્વક અને ઉલ્લાસથી સર્વે કાર્યમાં ભાગ લીધેલ.

## ડોંબીવલી સંઘની પાઠશાળા એવોર્ડ વિજેતા

શ્રી અચલગચ્છ સંઘના ઉપક્રમે ડોંબીવલી શહેરમાં આજે પણ અત્યંત વ્યસ્ત અને કોન્વેન્ટ શિક્ષણમાં પણ ૧૫ પાઠશાળાઓ સુપેર સફળતાપૂર્વક ચલાવી ૭૦૦ જ્ઞાનપિપાસુઓને ધર્મ સંસ્કરણનું પ્રશંસનીય અને અનુમોદનીય કાર્ય કરી રહી છે. ટીનીમીની પાઠશાળાથી

લઈ વડીલોને પણ તેમના અનુકૂળ સમયે સવારે-બપોરે-સાંજે દૈનિક અને અઠવાડિક વર્ગો ચલાવી ધર્મ-સંસ્કૃતિ સંરક્ષણ અને જિનશાસનની પ્રભાવના કરાવી સંઘ સમગ્ર અચલગચ્છમાં પ્રવૃત્તિમાં મોખરે છે.

વર્ષોથી ચાલતી આ પાઠશાળા પ્રવૃત્તિના બીજ આજે સૌના સથવારે ફુલીફાલી ગૌરવપ્રદ પરીણામદાયી ફળો લાવી રહ્યો છે. પાઠશાળાના છાત્રો અન્ય સંઘોમાં ધર્મ ઉત્સવ કાર્યો અને પર્વ આરાધના કરાવા પણ જઈ રહ્યા છે.

હાલમાં શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠની બૃહદ મુંબઈની ૭૭ પાઠશાળાઓની રજત વર્ષગાંઠ પરીક્ષાઓમાં ડોંબીવલીના ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ અને તેમાં ૩૩ છાત્રો મેરીટમાં આવ્યા છે. સંઘની સિંહપ્રભ સૂરિ પાઠશાળાએ તો પાંચ વર્ષમાં ત્રણવાર શ્રેષ્ઠ પાઠશાળાનું એવોર્ડ મેળવેલ છે. આ ઉપરાંત ત્રણ-ત્રણ પાઠશાળાની શિક્ષિકાઓએ શ્રેષ્ઠ ગુણવતાનું પ્રશસ્તિપત્ર મેળવેલ છે. સર્વે ગુણવંત વિદ્યાર્થીઓ અને શિક્ષિકાઓને હાર્દિક અભિનંદન....

આ પાઠશાળાઓમાં જ્ઞાતિના સૌ. ઈંદિરાબેન મહેન્દ્ર શાહ (તેરા) ધો. ૯માં ૯૦%, અનિતા મણીલાલ લોડાયા (કોઠારા) ધો. ૬માં ૯૩%, સો. દીપા મનીષ છેડા (જશાપર) ધો. ૫માં ૯૪%, કાર્તિક મનીષ છેડા (જશાપર) ધો. ૩માં ૯૭% અને ટીના મનોજ શાહ (દલતુંગી) ધો. ૨માં ૮૭% ગુણાંક સાથે ઉત્તીર્ણ થઈ પરિવાર, ગામ અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. હાર્દિક અભિનંદન...

તા. ૧૭.૨.૧૩ના બપોરે સંઘના સુવિધિનાથ જિનાલયે પૂ.સા.શ્રી અભયગુણાશ્રીજી મ.સા. આ.ઠા.ની નિશ્રામાં વાર્ષિક મેળાવડો ગોઠવવામાં આવેલ.

## શ્રી. ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

વિદ્યાર્થીસંઘના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે રવિ. તા. ૧૭.૩.૧૩ના બપોર ૨.૩૦ વાગે ભાંડુપમાં શેઠ નરશી નાથા એ.સી. હોલમાં જ્ઞાતિબહેનો માટે વુમન એમ્પાવરમેન્ટ 'નારી' કાર્યક્રમ (લાઈફ સ્ટાઈલ મેનેજમેંટ ટીપ્સ) યોજાયેલ છે. કાર્યક્રમના સહયોગી દાતાઓ મા. ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર અને મા. તારાબાઈ માણેકજી મોતા પરિવાર છે.

ન્યુટ્રીટીવ કુકીંગ રેસીપી, મોટીવેશન અને એંપાવરમેન્ટ અને 'કચ્છડો જાધ કરીયું' પારંપારિક દાંડિયારાસ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ છે. જેના સહયોગીઓ મા. ધનબાઈ કલ્યાણજી ભેદા, મા. નવલબેન નવીનચંદ્ર ધરમશી અને મા. સોનલબેન રાયચંદ ધરમશી પરિવારો છે.

## શ્રી સિધ્ધાચલતીર્થે અજિત શાંતિજિન પુનઃ પ્રતિષ્ઠાની વર્ષગાંઠ ઉજવણી

પાલીતાણા તીર્થે અજિત-શાંતિ જિનાલયની પુનઃ પ્રતિષ્ઠાની પ્રથમ સાલગિરી પ્રસંગે મા. તારાબાઈ માણેકજી મોતા પરિવાર અને શ્રી માણેકલાલ મોહોલા ઝવેરી પરિવારના સહયોગે ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાશે.

ગતવર્ષ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ નવલું ઈતિહાસ રચી ગયું એ પાવન પ્રસંગના સંસ્મરણો અને વિરલ ક્ષણોને પુનઃ પ્લાવિત કરવા સહ દેવ-ગુરૂની કૃપાએ અનેરું અનુષ્ઠાન તા. ૧૬.૩.૧૩ના સવારે ૯ વાગે વિવિધ સાજ-શણગાર સહ ૧૭ ભેદી પુજા ભણાવાશે. ધ્વજાવિધિ નવટુંકમાં છીપાવસહી ટૂંકમાં શ્રી અજિત-શાંતિ પ્રાસાદે ધામધુમથી વિધિવિધાન સાથે કરાશે. આ પ્રસંગે તીર્થમાં બિરાજમાન સર્વે શ્રમણ-શ્રમણીઓની નિશ્રા રહેશે. મહોત્સવ આયોજિત નંદપ્રભા ધર્મશાળામાં છે. સંઘ સાધર્મિકભક્તિ તળેટીમાં પારણાભવનમાં છે. જ્યાં તીર્થના ઐતિહાસિક પ્રસંગની ચિરંજીવ ઝલકના ૫૦૦ ફોટાનું સંઘ દર્શનાર્થે પ્રદર્શન છે. આ પ્રસંગે સકળ સંઘને પધારવા હાર્દિક આમંત્રણ છે.

## એકતા મહિલા મંડળ-ગાંધીધામ

મહિલામંડળ દ્વારા સમગ્ર કચ્છના જ્ઞાતિછાત્રો માટે તા. ૨૮.૪.૧૩ના સવારે ૯ થી ૭માં મહાજનવાડીમાં શૈક્ષણિક કારકિર્દી માટે અભિરૂચી ટેસ્ટ (Aptitude Test) રાખવામાં આવી છે. એસએસસી પછી યોગ્ય શૈક્ષણિક કારકિર્દી પસંદ કરવા છાત્રોને વાલીઓ સાથે તેમની ક્ષમતા મુજબ ચોક્કસ દિશા નક્કી કરવા નિષ્ણાંતો માર્ગદર્શન કરાશે. આ ઉપયોગી કાર્યક્રમમાં સર્વે છાત્રોને સહભાગી થવા અપીલ છે.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. ના માર્ગદર્શને સરળતાથી કાર્યો પાર પડે છે. દર શનિવારના પાચોરામાં ગરીબોને ભોજન કરાવનાર દાતાઓ : રતનબાઈ રાયચંદ નાગડા (મુલુંડ) હસ્તે ભારતીબેન તારાચંદ ધરમશી, રાજુલબેન પિયુષ લાલકા (ડોંબીવલી), કાંતાબાઈ પ્રતાપ લોડાયા (પાંચોરા), મેઘજી જીવરાજ લોડાયા (પાંચોરા) હસ્તે ચંદ્રકાંતભાઈ, શ્રાવિકા સંઘ (પાંચોરા), શીલાબેન શાંતિલાલ ધરમશી (ડોંબીવલી), ગીતાબેન ચેતનકુમાર મૈશેરી (દહીંસર), સમીર જેઠાલાલ લોડાયા (ડોંબીવલી) હસ્તે શાંતિલાલ ઉમરશી મૈશેરી અને શાંતિલાલ ઉમરશી ધરમશી (ડોંબીવલી).

## શ્રી મહેન્દ્ર મેઘજી મોતા

શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર-ડોંબીવલી) શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘની વર્ષ ૨૦૧૨-૧૩ની કારોબારીમાં ચુંટાયા છે. શ્રી મહેન્દ્રભાઈ ડોંબીવલી મંડળના મુખપત્ર 'જ્ઞાતિદીપ'ના તંત્રી છે. જૈન સમાજના પ્રશ્નો બાબતના સંગઠનરૂપ પત્રકાર સંઘમાં કારોબારી સભ્યપદે નિમણુંક બદલ હાર્દિક અભિનંદન.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

વસતીપત્રકની સમિતિની બેઠક રવિ. તા. ૧૦.૩.૧૩ના સવારે મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડ(વે)માં મળનાર છે. જેમાં વસતીપત્રકની વેબસાઈટ કાર્યની પ્રગતિ ૮માં વસતીપત્રકની અત્યારસુધીની પ્રગતિ, નવા પ્રકાશનનું બજેટ, વિદેશ વસતા જ્ઞાતિજનોની માહિતી અને હજી સુધી ન મળેલ ફોર્મસ વિશે ચર્ચા વિચારણા કરાશે તેમજ સમિતિમાં ખાલી થયેલ બે બેઠક પર નિમણુંક અને સમિતિના બંધારણમાં સમયોચિત ફેરફારોની ચર્ચાવિચારણા કરાશે.

## ખંડવા જિનાલયની શતાબ્દિ

તીર્થાધિપતિશ્રી જગવલ્લભ પાર્શ્વનાથની ૧૦૦ વર્ષગાંઠ શ્રી શાંતિનાથજી, શ્રી ચંદ્રપ્રભુજી આદિ જિનબિંબો આજ થી ૧૦૦ વર્ષ પહેલાં ઉજ્જૈની નગરીથી ખંડવા નગરે લાવવામાં આવ્યા હતા અને મહા સુદ ૧૩ તા. ૧૯.૨.૧૯૧૩ સંવત ૧૯૬૯ મંગળવારના જિન મંદિરે પ્રતિષ્ઠા કરવામાં આવી. પ્રતિષ્ઠા યતિશ્રી ગુલાબચંદજીની નિશ્રામાં થઈ અને શેઠશ્રી કાનજી લધ્ધા લોડાયા (મુંબઈ) ના હસ્તે કરવામાં આવી.

સંવત ૨૦૬૯-મહા સુદ ૧૩ શનિવાર તા. ૨૩.૨.૧૩ના ૧૦૦મી વર્ષગાંઠ ધૂમધામથી મનાવવામાં આવી. સત્તરભેદી પૂજા માટે વિધિકાર શ્રી રાજુભાઈ શાહ (મલકાપુર) સંગીત પાર્ટી સાથે પધારેલ.

૧૦૦મી વર્ષગાંઠ મૂળનાયક શ્રી જગવલ્લભ પાર્શ્વનાથની ધ્વજારોહણનો લાભ શ્રી મેઘજી લીલાધર નાગડા પરિવાર (ખંડવા) અને શ્રી કુંવરજી વીશનજી ધરમશી પરિવાર (બીજાપુર) હસ્તે નીરજ અને હીના-૨૫૦૦૧ મણમાં લીધેલ. આરતી-૫૩૦૧ મણમાં- શ્રી મનોજ શેઠ પરિવારે, દીપક-૬૦૦૧ મણમાં-માતુશ્રી કાશ્મીરાબેનં નવીનચંદ્ર નાગડા પરિવાર અને શાંતિકલશ-૯૦૦૧ મણ માં સ્વ. સૌ. હંસાબેન હિરેન ગોસર પરિવારે લીધેલ.

કાર્યક્રમ પછી સકલ સંઘનું સ્વામિવાત્સલ્ય શ્રી ક.દ.ઓ. સંઘ અને માતુશ્રી ખેતબાઈ ગોવિંદજી મોમાયા (હ. રાયચંદભાઈ) તરફથી રાખવામાં આવેલ.

દેરાસરનો જીર્ણોદ્ધાર પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શનથી ચાલી રહ્યો છે.

## 'વાવલ' કાવ્ય સંગ્રહ પ્રકાશન

કવિ તેજની કાવ્ય રચનાઓનું સચિત્ર સંગ્રહ 'વાવલ' માંડવી પ્રેસમાં છપાય છે. આ રાસ સચિત્ર કાવ્ય સંગ્રહ શ્રી કિરીટભાઈ લાપસીયાને અર્પણ કરાશે. કચ્છમાં ખાસ સમારોહમાં એનું વિમોચન કરાશે.

## સાંગલીમાં પૂ.સા. હર્ષવદનાશ્રીજી મ.સા.ના સંયમ જીવનની રજત જયંતી ઉજવણી

અલૌકિક મહાવીરસ્વામી જૈન શ્વે. મુ. ટ્રસ્ટ સાંગલીના ઉપક્રમે પૂ.આ.શ્રીમદવિજય અજીતશેખરસૂરીશ્વરજી મ.સા., પૂ. પંન્યાસશ્રી વિમલ બોધિવિજયજી મ.સા., અચલગચ્છીય પૂ.સા.


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404


### લગ્ન સંબંધી

**શ્રી રાકેશ મણીકાંત દંડ** (લાલા-અમરાવતી) તા. ૧.૪.૮૩ જન્મ, ઉંચાઈ ૫'-૫", ૫૫ કિલો, B.B.A.M.B.A. (Fin.) થયેલ પુનામાં AXIS બેંક ડેપ્યુટી મેનેજર માટે યોગ્ય સમકક્ષ પાત્રના પરિવાર પાસેથી કુંડલી-બાયોડેટા સહ સંપર્ક આવકાર્ય છે :

સંપર્ક : 09422881207-અમરાવતી અથવા 90220204626 / 022-25947368 -મુંબઈ

મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પૂ.સા. શ્રી દિવ્યદર્શનાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પૂ.સા. શ્રી હર્ષવદનાશ્રીજી મ.સા. ના સંયમ જીવનની રજત જયંતીની શાનદાર ઉજવણી તા. ૧.૩.૧૩ના થઈ.

સવારે ૯.૩૦ વાગે પૂ. આચાર્યશ્રીનું હૃદયસ્પર્શી વિવેચન સહ મહાવીર વંદના કાર્યક્રમ થયેલ. યોગાનુયોગ અહીંના જિનાલયની ખનન વિધિના દિવસે જ પૂજ્યશ્રીના વરસીદાનનો વરઘોડો નીકળેલ. પાંચ દિવસના મહોત્સવના બીજા દિવસે મુંબઈથી પધારેલ પંડીત શ્રી વિશાલભાઈ ધરમશી (સુથરી) એ બપોરે ૩ વાગે ચારીત્ર વંદનાવલી તેમજ રાત્રે અષ્ટાપદની ભાવયાત્રા ખુબ સુંદર રીતે કરાવી. મુંબઈ, સોલાપુર, હૈદરાબાદ તેમજ અન્ય સ્થળોએથી મોટી સંસ્થામાં ભાવિકો પધારેલ.

આખા દિવસનો સાધાર્મિક ભક્તિનો લાભ પૂજ્યશ્રીના સંસાર પક્ષે માતુશ્રી રાજબાઈ નરશી છેડા(સુથરી) પરિવારે લીધેલ. તેમજ મહોત્સવના વ્યવસ્થા શ્રી મહાવીર જિનમિત્ર મંડળે સંભાળેલ. સમસ્ત જૈન સમાજની એકતાનો સુંદર દાખલો શ્રી સંઘે સર્વે ફિરકાને એક મંચ પર લાવી ચારિત્રધર્મની પ્રભાવના અનુષ્ઠાન કરીને બેસાડેલ. ચારિત્ર વંદનાવલીમાં પૂ.સા. શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી (સંયમપર્યાય ૪૫ વર્ષ) પૂ.સા. દિવ્યદર્શનાશ્રીજી (સંયમ-૩૬ વર્ષ) પૂ.સા. સમ્યગદર્શનાશ્રીજી (સંયમ-૩૧ વર્ષ) પૂ. મુક્તિરસાશ્રીજી (સંયમ-૩૧ વર્ષ) અને પૂ. હર્ષવદનાશ્રીજી (સંયમ-૨૫ વર્ષ)ની સંયમ અનુમોદના કરાઈ. જેઓ સંસારપક્ષે તેમના પરિવારરત્નો છે.

## કુલપાકજીની યાત્રા

શ્રી ગોવિંદજી આણંદજી નાગડા પરિવાર તરફથી શ્રી સુરેશભાઈએ નાંદેડથી ટ્રેન દ્વારા ૨૨.૨.૧૩ના સવારે પહોંચી નવકારશી કરી ૧૧ વાગે કુલપાકજી પહોંચ્યા. ૪૦ જણાંની કુટુંબયાત્રા કરાવી.

દેરાસરમાં સમુહ સ્નાત્ર-પુજા ભણાવી થાળ ધર્યો. પૂજા કરી જમીને નવગ્રસ જિનાલય રવાના થઈ સાંજના ૫-૩૦ વાગે પહોંચ્યા. ચોવિહાર કરીને ત્યાં આરતી-દિવાનો લાભ લીધો. ત્યાંથી રાતના ચૈતન્યપુરી આવ્યા.

તા. ૨૩.૨.૧૩ના સવારના પૂજા-પાઠ બાદ નવકારશી કરી. સાલારજંગ મ્યુજીયમ ને જુહૂ જોયા. ત્યાંની બધી વ્યવસ્થા શ્રી જાગીરદાર પરિવારના પુત્ર શ્રી કાંતીલાલભાઈ લોડાયાએ કરેલ. હૈદરાબાદ દર્શન અને કુલપાકજી યાત્રા કરી રાત્રે ટ્રેનથી નાંદેડ પરત ફર્યા.

## ક્રિકેટ કોમેન્ટેટર શ્રી જયંત લાપસીયા

શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા (રવા-માટુંગા) રેડીયો ઉપર ક્રિકેટ રનીંગ કોમેન્ટરી આપનારા પ્રથમ કચ્છી જૈન કલાકાર છે. અત્યાર સુધીમાં કચ્છીઓ શ્રી વિજય મરચન્ટ અને શ્રી કિશોર ભીમાણીને કોમેન્ટરી આપી છે.

શ્રી જયંત લાપસીયાએ નવી દિલ્હીમાં યોજાયેલ એશીયન ગેમ્સનું ૧૯૮૨માં કવરેજ કરેલું. ૧૯૮૦થી ૨૦૦૦માં મહિલા અને પુરુષો માટે રમાયેલ સીનીયર નેશનલ બાસ્કેટ બોલ ચેમ્પીયનશીપ, શ્રીલંકા ટી-૨૦ ક્રિકેટ મેચ, ૨૦૧૦માં એશિયાકપ માટે રમાયેલ ભારત વિ. બાંગ્લાદેશ ક્રિકેટ મેચ, ૨૦૧૧માં વિશાખાપટ્ટનમમાં રમાયેલ ભારત-વેસ્ટઈન્ડીઝ વચ્ચે ૨૦-૨૦ ક્રિકેટ મેચ, ૧૯૯૭-૯૮માં મુંબઈ-હૈદરાબાદ વચ્ચે રમાયેલ રણજી ટ્રોફી સેમીફાઈનલ અને હાલમાં યોજાયેલ હૈદરાબાદની ભારત-ઓસ્ટ્રેલિયા ક્રિકેટમેચની રનીંગ કોમેન્ટરી આપી હતી. ક્રિકેટ કોમેન્ટરી ઉપરાંત વિવિધ સંસ્થાઓમાં સામાજિક સેવા ક્ષેત્રે તેમનું નોંધનીય યોગદાન છે. ગૌરવપ્રદ સિધ્ધિ માટે હાર્દિક અભિનંદન...

## અંશ મહેન્દ્ર લાપસીયા

ડોંબીવલીની ટીનીમીની વજ્રસ્વામી પાઠશાળામાં સ્પોર્ટસ-૨૦૧૩માં અંશ મહેન્દ્ર લાપસીયા (દલતુંગી-ડોંબીવલી) પ્રથમ ક્રમાંકે વિજયી થયા છે. તેમને પહેલું ઈનામ મળેલ છે. હાર્દિક અભિનંદન...

## દીક્ષાર્થીને માર્ગ અકસ્માત નડ્યો

દીક્ષાર્થી કુ. ઉર્વી વિપુલ ડાઘા (ગોએરસમાં-અમલનેર) પોતાની દીક્ષા માટે પાલીતાણા તીર્થે જઈ રહ્યા હતા ત્યાં પાલીતાણા નજીક તેમની કારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. આ બનાવમાં તેમને મલ્ટીપલ ફ્રેક્ચર્સ થતાં તાત્કાલીક સારવારમાં લેવાયા હતા. આ કારમાં તેમની સાથે તેમના ફઈબા સૌ. જાગૃતિ પંકજ ધરમશી (સુથરી-નાસિક) ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. આ કરૂણ અકસ્માતે ચિ. ઉર્વીની દીક્ષા મુલત્વી રાખવામાં આવી. આ બનાવની જાણ થતાં સમગ્ર સમાજમાં અરેરાટી ફેલાઈ હતી. મુમુક્ષુ ઉર્વીબેન હાલ અમલનેર છે.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

## વિસામો ગ્રુપ પરિવાર-મુલુંડ

શ્રી લહેરચંદ ડી. મૈશેરી (એલ.ડી.) ના નેતૃત્વમાં વિસામો ગ્રુપ દ્વારા શનિ ૧૬.૩.૧૩ના રાત્રે ૯ કલાકે કાલિદાસ સભાગૃહ-મુલુંડમાં જાણીતું ગુજરાતી નાટક "મઈડ ઈન અમેરીકા" જેમાં કલાકારો રીતિ દવે અને જ્ઞાતિના નીવડેલા દિગ્દર્શક, કલાકાર, પ્રકાશ સંયોજક શ્રી કમલેશ મોતાએ મુખ્ય પાત્રનો અભિનય આપ્યો છે. એ રસપ્રદ મનોરંજન દર્શાવવામાં આવશે. સભ્યો અને નાટ્યરસિકોએ પોતાના પ્રવેશપાસ પરિવારના કાર્યાલયેથી મેળવી લેવા જણાવાયું છે.

## જ્ઞાતિ વસતીપત્રક ટીમનો કચ્છ પ્રવાસ

વ.પ. સમિતિ દ્વારા ૮મા વસતીપત્રકની વેબસાઈટમાં દરેક મૂળ ગામની વિગતો સંકલિત કરી પ્રકાશિત કરવા નક્કી થયું છે. આ માહિતી માટે વિડિયો શુટીંગ કરવા વ.પ.ની ટીમે તા. ૧૮થી ૨૮-૨ સુધી મુંબઈથી કાર દ્વારા હાલાર અને કચ્છની મુલાકાત લીધી હતી. ટીમમાં સર્વશ્રી રમેશ મેઘજી મોતા (મુલુંડ), ફોટોગ્રાફર કિરણ કાનજી પાલાણી (કોઠારા) અને દેવાંગભાઈ (વિડિયો શુટીંગ) સામેલ હતા. જામનગરમાં શ્રી તિલક ખોના, મનોજ ખોના એવં અન્ય ભાઈઓ સાથે વિગતે ચર્ચા થઈ અને નવીન કુંવરજી ધરમશી (ગોરખડી) સમગ્ર હાલાર સાથે ફર્યા હતા. શ્રી પ્રવીણ નારાણજી દંડ (તેરા) કચ્છમાં બધા ગામે સાથે રહ્યા હતા. ગાંધીધામમાં કચ્છ એકમના અધિકારીઓ અને મહાજનશ્રીના સભ્યો સાથે મીટીંગ યોજવામાં આવી હતી. શ્રી પ્રબોધભાઈ મુનવરનો પણ સુંદર સહકાર પ્રાપ્ત થયો.

હાલારમાં જામનગર, ગોરખડી, ધ્રાફા, લાલપુર, દલતુંગી, ભરૂડિયા, મોડપર, રંગપુર, હાલારધામ તીર્થ, મોટી ખાવડી અને નાની ખાવડી તથા કચ્છમાં ગાંધીધામ, આદીપુર, અંતરજાળ, ભદ્રેશ્વર, લુણી, ગોએરસમા, બારોઈ, વાંકી, મુન્દ્રા, ૭૨ જિનાલય, માંડવી, (શ્યામજી કૃષ્ણવર્માનું ક્રાંતિ તીર્થ, રાવળપીર, માંડવી દેરાસર, બીચ, વિજયવિલાસ પેલેસ) ડોણ, ગોધરા, બાયઠ, દેઢિયા, નાગ્રેચા, કોટડી મહાદેવપુરી, રાયધણજર, મંજલ, ડુમરા, વરંડી, વરાડીયા, કોઠારા, સાંધવ, રવા, સાંયરા, સાંધાણ, સુથરી, આરીખાણા, પીંગલેશ્વર, રાપર, નાની સિંધોડી, વાંકુ, વારાપધર, પરજાઉ, મોટી સિંધોડી, લાલા, રાણપર, જશાપુર, જખૌ, નલીયા, તેરા, છાદુરા, વડસર, સુખપુર, રામપર, સુજાપુર, બાંઢિયા, કુવાપધર, લાખણીયા, ધ્રુફી, પઠાપીર, વીરાયતન, ભુજ અને અંજાર. દરેક ગામે દેરાસર, વિરાસતો, સંસ્થાઓ, મંદિરો, કુળદેવીના સ્થાનકો અને જોવાલાયક સ્થળોનું વિડિયો શુટીંગ થયેલ. વસતીપત્રક ટીમને આ કાર્યમાં સ્થાનિકે સુંદર સહકાર મળેલ.



## શ્રીમદ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટર

સેન્ટરના ઉપક્રમે મુંબઈ નજીક નિસર્ગના સાનિધ્યમાં રાજનગર-પર્લી, ખપોલી-પાલી રોડ ઉપર ભાવિકો માટે નવનિર્મિત અને વર્તમાન અતિથીભવન સંકુલનું નામકરણ-ઉદ્ઘાટન સમારોહ તા. ૨૪.૨.૧૩ના બહોળી હાજરીમાં વિધિવિધાનથી થયેલ. શ્રી નરેન્દ્રભાઈ નંદુ શાસ્ત્રોક્ત વિધિવિધાન કરાવેલ. આ નિર્માણમાં ૨૪ એ.સી. કક્ષ શ્રીમતી અમૃતાબેન મોનજી પરિવાર (કોટડી) અતિથીભવનમાં અને ૩૬ રૂમ શ્રીમતી દેવકાબાઈ કુંવરજી દેઢિયા, હ. પલ્લવી દેવેન દેઢિયા અતિથીભવનમાં આવેલ છે. સેન્ટર દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ ચિંતન-મનન સ્વાધ્યાય શિબિરો પ્રવૃત્તિ ચાલે છે. સેન્ટર પછાત અને ગ્રામીણ વિભાગમાં સામાજિક-આર્થિક કલ્યાણકાર્ય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. મુંબઈ ઓફિસ ૨૦૨ ઓજસ, એસ.એન. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦ ફોન : 32542393

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત મહાજનશ્રીના ઉપક્રમે જ્ઞાતિના સર્વે પરિવારોને અચલગચ્છીય તિથી-તારીખનું ઉપયોગી આકર્ષક કેલેન્ડર સખીદાતાઓના ઉદાર સૌજન્યથી પ્રકાશિત કરી એકમો, મહાજનો, મંડળો અને સંસ્થાઓના સથવારે વિતરણ કરવામાં આવ્યું છે. વિતરણકાર્ય પુર્ણતાના આરે છે તેમ છતાં ક્યાં કોઈ પરિવારને ન મળ્યુ હોય તો તેમણે સમસ્ત મહાજનના કાર્યાલયે સંપર્ક કરવા વિનંતી છે.

સર્વે મહાજનો/સંસ્થાઓએ પોતાના નામ-સરનામા માહિતી મોકલવા વિનંતી છે. સમસ્ત મહાજન દ્વારા ઉગતી પેઢી માટે બાળ સંસ્કરણ શિબીરો ગોઠવવા અભિયાન આદરવાનું છે. જે મહાજનોને આ કાર્યક્રમ ગોઠવવા હોય તેમણે સંપર્ક સાધવા જણાવાયું છે.



ABDASA (KACHCHH) GAUSHALA TRUST


**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ગૌરવ તિલેશ શાહ** | C-૪૦૪, એકતા ગ્રીન વીલે, પાંડવ હિલ્સ, પાથરડી, નાસિક-૪૨૨૦૧૦ |
| **ગુંજન તિલેશ શાહ** | ૧૦૧, ઈન્દ્રાયણી પાર્ક, લેન-7-E વિદ્યાનગર બસ સ્ટોપ પાસે, વિદ્યાનગર, ટીંગરે નગર, પુના-૪૧૧૦૩૨ |
| **નયન એચ. લોડાયા** | ૨૨૩, એસ્ટીમ ડીલક્સ-૨, રાઈટ હાઉસ, શ્રી રાજ રાજેશ્વરી એસ્ટેટ, મુલાઈ નગર, પી. એન. પુદુર, કોઈમ્બતુર-૬૪૧૦૪૧ ફોન : 98430360/9345695000 |
| **સુનિલ કે. સાયલા** | ૨૦૨-એ સ્મિતા, આંબેડકર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **કલ્પના બંકિમચંદ્ર ગોસર** | ૨૦૨ પિતૃ આશિર્વાદ, અંબા ભવાની મંદિર સામે, કોપર રોડ, ડોંબીવલી (વે)-૪૦૧૨૦૨ ફોન : 8828226626 |
| **કાંતિલાલ ટોકરશી પોલડીયા** | ૨, નિર્મલ વ્યુ-૨, ધુડીવાડી, કોડાય-૩૭૦૪૬૦ ફોન : 9825375300 |
| **નરેન્દ્ર હીરાલાલ પટેલ** | ૭૦૧-સી, બિલ્ડીંગ-૪, કુકરેજા કોમ્પ્લેક્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮ ફોન : 25661104 |
| **રમેશ માણેકલાલ દંડ** | બરડીયા હાઉસ, સ્કુલ નં ૧૯ની સામે, રૂકમણી નગર, અમરાવતી-૪૪૪૬૦૧ |
| **મધુકર શિવજી છેડા** | ૧૦૭, ટીલ્લા ટાવર્સ, એસ. એસ. રાવ રોડ, પરેલ, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩.૦૧.૧૩ | ચાલીસગામ | VLLO0801201 | - ધીરજ રાજેન્દ્ર લોડાયા | વારાપધર | કન્યા |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮.૨.૧૩ | ચાલીસગામ | VKSO050603 | રાહુલ પદમશી વેરશી સોની | વાંકુ | ૨૫ |
| | લોનાવલા | A | સારીકા નંદુલાલ શિંદે | ખપોલી | ૨૧ |
| ૨૩.૦૨.૧૩ | ચેન્નઈ | A | અર્પિત નીતિન નેમજી ગંગર | મોટીખાખર | ૨૫ |
| | ચેન્નઈ | NLMT060703 | સિધ્ધિ કિશોર દામજી મોતા | નલીયા | ૨૩ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮.૨.૧૩ | સેંધવા | BRMO060303 | મયંક લહેરચંદ ચીમનલાલ મોમાયા | બારોઈ | ૨૪ |
| | ભુજ | TRLO160605 | પીંકલ રમેશ દામજી લોડાયા | તેરા | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૧.૦૩.૧૩ | વડાલા | DADA010101 | વિજયાબાઈ કેશવજી ખીમજી ડાઘા | દલતુંગી | ૮૪ |
| ૦૧.૦૩.૧૩ | હૈદ્રાબાદ | VVLO | પદમશી ઘેલાભાઈ ઉકેડા લોડાયા | વારાપધર | ૭૫ |
| ૦૨.૦૩.૧૩ | નિઝામાબાદ | GODH040101 | શાંતિલાલ દેવચંદ લખમશી ધરમશી | ગોરખડી | ૪૬ |
| ૦૪.૦૩.૧૩ | મુલુંડ | SUDH | કાંતાબાઈ ગુલાબચંદ કુંવરજી ધરમશી | સુથરી | ૬૮ |
| ૦૮.૦૩.૧૩ | ઘાટકોપર | RVLO020201 | મહેન્દ્ર બંકિમચંદ્ર કેશવજી લોડાયા | રવા | ૬૫ |
| ૦૮.૦૩.૧૩ | ઘાટકોપર | BYNG010401 | મહેન્દ્ર રતિલાલ આણંદજી નાગડા | બાયઠ | ૫૮ |

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

ભુજ-શંખેશ્વર-સિધ્ધાચલ
છરીપાલિત સંઘને વધામણાં
પૂ.ગચ્છાધિપતિ તપસ્વી રત્ન આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં દેવ-ગુરૂની કૃપાએ ચતુર્વિધ છ'રીપાલિત સંઘ સફળતાથી સંપન્ન થયુ એ પ્રસંગના સૌને હાર્દિક વધામણાં... "તન-મન" પરિવાર

SHIKHARJI Continental
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# ધરમશી-લોડાયા પરિવારનું ગૌરવ - હાર્દિક અભિનંદન



**ચિ. કૌશીક નવીનચંદ્ર ધરમશી** (B.E.) (સુથરી-બેલગામ)
B.E. (Information Science & Technology)
Birth Date : 16.7.1985

૨ વરસથી SIEMENS CO.માં Healthcare Divisionમાં Senior Software Engg. તરીકે કાર્યરત છે. પોતાના પ્રચંડ પુરુષાર્થથી ચિ. કૌશીકને excellance performanceની સિદ્ધિ હાંસલ કરીને બન્ને પરિવારોનું નામ રોશન કરેલ છે. તેની આ જવલંત સફળતા બદલ અંતરભીના અભિનંદન તેમજ ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી હાર્દિક શુભેચ્છા...

-: શુભાશિષ :-

**શા. શામજી પદમશી ધરમશી સમસ્ત પરિવાર (બાગલકોટ)**

દાદી-દાદા : સ્વ. કુંવરબાઈ શામજી પદમશી ધરમશી (સુથરી-બાગલકોટ)
નાની-નાના : સ્વ. નવલબાઈ રાયચંદ પાશ્વીર લોડાયા (ગદગ)
માતા-પિતા : સૌ. હીના નવીનચંદ્ર ધરમશી (બેલગામ)
મો.: 09945155704 / (0831) 2473604

## હાર્દિક અભિનંદન



**સૌ. હેમલ મનીષ લોડાયા**
(Insurance Advisor-LIC of India)
(સાંધવ-રાયપુર)

**Insurance Sectorમાં LICમાં International achievement કહેવાય એવી...M.D.R.T. (U.S.A.) 2013ની ઉપલબ્ધી મેળવેલ છે. હાર્દિક અભિનંદન... તથા ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ...**

- LIC માં Z.M. Club Member
- Raipur-I Branchમાં ૬૦૦ એજન્ટોમાં છઠ્ઠા ક્રમાંકે
- Development Officers ૮૦ એજન્ટોમાં ત્રીજા ક્રમાંકે

For Child Education & Marriage Policy, Pension & Retirement Policy, Monthly R.D. Plan, Mediclaim Policy તથા Indian Passport અને Pancard માટે સંપર્ક કરો.

**Smt. Hemal Manish Shah-09303399933**
**E-56, Sec-I, Devendranagar, Raipur-492001.**

## હાર્દિક અભિનંદન



**હિરેન્દ્ર ડી. મોમાયા**
(Insurance Consultant-LIC of India)
(બારોઈ-બેંગલોર)

**શ્રી હિરેન્દ્રભાઈ કર્ણાટક સરકાર તરફથી ઐતિહાસિક મૈસૂર યુનિવર્સિટીના સિંડીકેટ મેંબર તરીકે નિમણુંક થયા છે. આ ઉપલબ્ધી અને પ્રગતિ માટે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...**

- C.M. Club Member in LIC of India
- Chief Life Insurance Advisor of (LIC of India)
- D.M. Club Member of New India Assurance Co. Ltd.
- Trustee-Vidyarthi Shikshan Seva Trust.

LIC Polices & general insurance માટે સંપર્ક કરો.

**Mr. Hirendra D. Shah - 09448067347**
Nirmala Nilaya, 472, II-C, Main,
IInd Stage, 11th Block, Nagar Bhavi, Bangalore-72.
E-mail : hirendradshah@gmail.com

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ
૨૧.૩.૧૯૩૯



અરિહંતશરણ
૧૨.૨.૨૦૧૩

## સ્વ. શ્રી ચિમનલાલ દામજી મોમાયા (બારોઈ-સેંધવા)

(ચક્ષુદાન કરેલ છે)

ઉચ્ચ, આદર્શ, અત્યંત પરિશ્રમી સ્વભાવ, અતૂટ ધાર્મિક શ્રદ્ધા, ઉમદા સહનશક્તિ, કવિહૃદય, કાર્યદક્ષતા, ચુસ્તતા, ઉત્સાહ, ઉમંગથી ભરપૂર જેવા ગુણોના માલિક, તન, મન અને ધન દ્વારા ધર્મ અને સામાજિક કાર્યોમાં ઉત્તમ યોગદાન આપનાર, એવા તમે અનંતની યાત્રાએ ચાલ્યા... એવા પ્રેરણામુર્તી સમાન આપના વિચારશીલ માર્ગનું અનુકરણ કરવું એજ અમારો ધ્યેય રહેશે. અરિહંતદેવના સાંનિધ્યમાં શાશ્વત સુખ અને પરમ શાંતિ આપને પ્રાપ્ત થાઓ એવી હૃદયપૂર્વક પ્રભુ પ્રાર્થના...

મહેનતની કર્મભૂમી પર સાદગીનુ બીજ વાવી, પ્રમાણિકતાનું પાણી પાઈ, સુંદર ઉપવન બનાવી સૌને માટે એક દૃષ્ટાંતરૂપ જીવન જીવી ગયા, મૃત્યુને પણ મહોત્સવ બનાવી ગયા

**: શ્રધ્ધાસુમન અર્પણ કરનાર :**

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. માતુશ્રી રતનબાઈ દામજી કાનજી મોમાયા (બારોઈ-સેંધવા) |
| સાસુ-સસરા | : | સ્વ. માતુશ્રી પુરબાઈ લખમશી નથુ દંડ (લુણી-સેંધવા) |
| ધર્મપત્નિ | : | ગં.સ્વ. હીરાવંતીબેન ચિમનલાલ મોમાયા (બારોઈ-સેંધવા) |
| પુત્ર-પુત્રવધુ | : | સૌ. કેતના લહેરચંદ ચિમનલાલ મોમાયા (બારોઈ-સેંધવા) |
| -"- | : | સૌ. નિશા રાજેન્દ્ર ચિમનલાલ મોમાયા (બારોઈ-સેંધવા |
| દિકરી-જમાઈ | : | ગં.સ્વ. સુનંદા યશોધન લાલજી નાગડા (નલિયા-કાંજુરમાર્ગ) |
| -"- | : | સૌ. પ્રેમીલા પ્રફુલ દામજી મૈશેરી (નાની સીંધોડી-ઘાટકોપર) |
| પૌત્ર-પૌત્રવધુ | : | સૌ. ડૉ. પિંકલ મયંક લહેરચંદ મોમાયા • પૌત્ર-પૌત્રી : ચિ. ભાવિન, ચિ. રૂષભ, ચિ. રાની |
| દોહીત્રી-જમાઈ | : | સૌ. રશ્મિ જય શાહ (ઘાટકોપર) • દોહીત્ર-દોહીત્રી : ચિ. રૂપલ, ચિ. રીના, ચિ. વૈભવ |
| બહેન-બનેવી | : | સૌ. નંદા વિજય મુલજી ધરમશી (જખૌ-મુલુંડ) |
| ભાઈ-ભાભી | : | સૌ. પુષ્પાબેન નવિનચંદ્ર દામજી મોમાયા (બારોઈ-બારોઈ) |
| -"- | : | સૌ. કોકીલાબેન પ્રવિણચંદ દામજી મોમાયા (બારોઈ-સેંધવા) |
| -"- | : | સૌ. મીનાબેન દિનેશચંદ દામજી મોમાયા (બારોઈ-સેંધવા) |
| મા-બાપા | : | સ્વ. માતુશ્રી રતનબાઈ નરશી કાનજી મોમાયા (બારોઈ-મુલુંડ) |
| કાકા-કાકી | : | ગં. સ્વ. માતુશ્રી હીરબાઈ પ્રેમજી કાનજી મોમાયા (બારોઈ-સેંધવા) |
| કાકા | : | સ્વ.શ્રી મેઘજી કાનજી મોમાયા (બારોઈ-બારોઈ) |
| વેવાણ-વેવાઈ | : | સ્વ. કસ્તુરીબાઈ લાલજી વેરશી નાગડા (નલિયા-મુંબઈ) |
| -"- | : | ગં.સ્વ. મંજુલાબાઈ દામજી કુંવરજી મૈશેરી (નાની સીંધોડી-ઘાટકોપર) |
| -"- | : | સ્વ. પ્રભાબાઈ નારાણજી શીવજી સોની (નાની સીંધોડી-ઘાટકોપર) |
| -"- | : | ગં.સ્વ. જયાબાઈ ગુલાબચંદ વિશનજી ધરમશી (જખૌ-ઈંદોર) |
| -"- | : | સૌ. હંસાબેન રમેશ દામજી લોડાયા (તેરા-ભુજ) |
| દાદા-દાદી | : | સ્વ. માતુશ્રી ગંગાબાઈ કાનજી ગોવિંદજી મોમાયા પરિવાર (બારોઈ) |
| નાના-નાની | : | સ્વ. માતુશ્રી પુરબાઈ પાસુભાઈ રતનશી લોડાયા પરિવાર (બારોઈ) |
| પિત્રાઈ બહેન-બનેવી | : | ગં.સ્વ. નવલબાઈ રતીલાલ દામજી દંડ (લુણી-ડોંબીવલી) |
| -"- | : | ગં.સ્વ. હેમલતાબેન કરમશી જીવરાજ ખોના (સાંધવ-માંડવી) |
| -"- | : | સૌ. સરલા રોહીત ગોગરી (નારાણપુર-હૈદ્રાબાદ) |
| ભાઈ-ભાભી | : | સૌ. કુસુમબેન લક્ષ્મીચંદ પ્રેમજી મોમાયા (બારોઈ-સેંધવા) |
| -"- | : | સૌ. મીનાક્ષીબેન શાંતિલાલ પ્રેમજી મોમાયા (બારોઈ-સેંધવા) |
| -"- | : | સૌ. માલતીબેન પ્રકાશ પ્રેમજી મોમાયા (બારોઈ-સેંધવા) |
| -"- | : | સૌ. રેખાબેન શ્રેણીક નરશી મોમાયા (બારોઈ-મુલુંડ) |

*ઋણ સ્વીકાર: દેહાવસાન અને સ્મરણાંજલિ પ્રસંગે રૂબરૂ અને ફોન દ્વારા સાંત્વના આપનાર સર્વે સ્નેહીજનોનો સહૃદયે ઋણ સ્વીકારીએ છીએ.*

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**